પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૪-૦૪-૨૦૨૫- ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૧૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# આતંકવાદીઓને કલ્પના બહારની સજા મળશે : મોદી

## આતંકીઓ અને તેના આકાઓને દુનિયાના કોઈપણ ખૂણામાંથી શોધી કાઢવા બિહારમાં રણટંકાર કરતા વડા પ્રધાન

પટના,તા.૨૪

પહેલગામ હુમલા બાદ ગુરુવારે બિહારના મધુબની પહોંચેલા પીએમ મોદીએ કહ્યું કે પહેલગામના ગુનેગારોનો દફનાવવાનો સમય આવી ગયો છે. આતંકવાદીઓને તેમની કલ્પના કરતાં પણ મોટી સજા મળશે.

'આતંકવાદી હુમલામાં, કોઈએ પોતાનો પુત્ર ગુમાવ્યો, કોઈએ પોતાનો ભાઈ ગુમાવ્યો, કોઈએ પોતાનો જીવનસાથી ગુમાવ્યો.' તેમાંના કેટલાક બંગાળી બોલતા હતા, કેટલાક કન્નડ, કેટલાક ગુજરાતી, તો કેટલાક બિહારના હતા. આજે, કારગિલથી કન્યાકુમારી સુધી, દરેકના મૃત્યુ પર આપણો આક્રોશ સમાન છે.

પીએમ મોદીએ કહ્યું, '૨૨ એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં જે રીતે નિર્દોષ લોકોની હત્યા કરવામાં આવી હતી. આખો દેશ તેનાથી દુઃખી છે. તેમના દુઃખમાં આખો દેશ તેમની સાથે ઉભો છે. સરકાર એ પણ સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો કરી રહી છે કે જેઓ હાલમાં સારવાર હેઠળ છે તેઓ જલ્દી સ્વસ્થ થઈ જાય. આ હુમલો ફક્ત નિઃશસ્ત્ર લોકો પર જ થયો નથી. આ ભારતની આસ્થા પર હુમલો છે. હું સ્પષ્ટપણે કહેવા માંગુ છું કે, હુમલાખોરો અને તેમના આકાઓને કલ્પના કરતાં પણ મોટી સજા મળશે. પહેલગામના ગુનેગારોનો દફનાવવાનો સમય આવી ગયો છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારના મધુબનીમાં કહ્યું, 'મારું ભાષણ શરૂ કરતા પહેલા, હું તમારા બધાને પ્રાર્થના કરવા માંગુ છું. તમે જ્યાં પણ હોવ, તમારી જગ્યાએ બેઠા હોવ, આપણે ૨૨મી તારીખે ગુમાવેલા પરિવારના સભ્યોને યાદ કરી શકીએ છીએ. તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ. PM મોદીએ કહ્યું- આતંકીઓને તેમની કલ્પના બહારની સજા મળશે

અનુસંધાન પાના ૭ પર

## સરકારે સંસદ ભવનમાં સર્વપક્ષીય બેઠક બોલાવી

નવી દિલ્હી, તા. ૨૪

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલી આતંકવાદી ઘટના પર કેન્દ્ર સરકારે સાંજે ૬ વાગ્યે સંસદ ભવન ખાતે તમામ પક્ષોની બેઠક બોલાવી છે. આ બેઠકમાં રક્ષા મંત્રી રાજનાથ અને ગૃહ મંત્રી શાહ હાજરી આપશે. બીજી તરફ ભારતની જવાબી કાર્યવાહીના ડરથી પાકિસ્તાની વાયુસેનાએ આખી રાત ડરમાં વિતાવી હતી. કરાચી એરબેઝથી ૧૮ ફાઈટર જેટને ભારત સાથેની સરહદ તરફના એરફોર્સ સ્ટેશનો પર મોકલવામાં આવ્યા છે. પાકિસ્તાને ૨૪-૨૫ એપ્રિલના રોજ કરાચી કિનારે તેના વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર (EEZ) ની અંદર તેની દરિયાકિનારે સપાટીથી સપાટી મિસાઈલનું પરીક્ષણ કરવા માટે સૂચના જારી કરી છે. કેન્દ્ર સરકારે ભારતમાં પાકિસ્તાન સરકારના એક્સ હેન્ડલ પર પ્રતિબંધ મૂક્યો છે. તે જ સમયે, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે તેના નાગરિકો માટે એક એડવાઈઝરી જારી કરી છે. તેમને જમ્મુ-કાશ્મીર ન જવાની સલાહ આપવામાં આવી છે.

## ભારત ના જવાબી હુમલાનો પાક. વાયુસેનામાં ભય

### પાકિસ્તાને તમામ ૨૦ કોમ્બેટ ફાઈટર જેટ સ્કવોડનને હાઈ એલર્ટ પર રાખ્યા : સેનાની તૈનાતી પણ વધારી દેવામાં આવી

નવી દિલ્હી, તા. ૨૪

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી, પાકિસ્તાની વાયુસેનાએ ૨૨ એપ્રિલ (ઘટનાના દિવસે) આખી રાત ભયના છાયામાં વિતાવી. પાકિસ્તાન ભારત તરફથી બદલો લેવાના હુમલાનો સામનો કરી રહ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આર્મી ચીફ અસીમ મુનીરે મંગળવારે સાંજે ત્રણેય સેનાના કમાન્ડરો સાથે બેઠક યોજી હતી. કરાચી એરબેઝથી ૧૮ ફાઈટર જેટ ભારતની સરહદ પર આવેલા એરફોર્સ સ્ટેશનો પર મોકલવામાં આવ્યા છે. આ સ્ટેશનો લાહોર અને રાવલપિંડીમાં છે.

આ બધા ૧૮ જેટ ચીનમાં બનેલા JF-૧૭ હોવાનું બહાર આવ્યું છે. આર્મી ચીફ મુનીરને POK (પાકિસ્તાન અધિકૃત કાશ્મીર)માં ભારત દ્વારા હુમલાનો ડર છે. અહીં લશ્કરના લોન્ચ પેડ્સ છે. આશરે ૭૪૦ કિમી લાંબી નિયંત્રણ રેખા (લાઈન ઓફ કંટ્રોલ) પર પાકિસ્તાની સેનાની તૈનાતી પણ વધારી દેવામાં આવી છે.પરંતુ પાકિસ્તાન માને છે કે ભારત દ્વારા હાલમાં કોઈ જમીની લશ્કરી કાર્યવાહી કરવામાં આવશે નહીં. પાકિસ્તાને તમામ ૨૦ કોમ્બેટ ફાઈટર જેટ સ્ક્વોડ્રનને હાઈ એલર્ટ પર રાખ્યા છે. આર્મી ચીફ મુનીરે બુધવારે કમાન્ડરોની બેઠક પણ યોજી હતી.પહેલગામ હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરી હતી. બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા અંગેની કેબિનેટ બેઠક (CCS) મળી હતી અને તે અઢી કલાક ચાલી હતી.વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે પહેલગામ આતંકવાદી હુમલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, CCS એ ૫ મોટા નિર્ણયો લીધા છે. તે જ સમયે, કેન્દ્ર સરકારે આજે સર્વપક્ષીય બેઠક પણ બોલાવી છે.

## પહેલગામ હુમલામાં સંડોવાયેલા પાંચ આતંકીઓની ઓળખ

નવી દિલ્હી, તા. ૨૪

પહેલગામ આતંકી હુમલામાં સામેલ પાંચ આતંકીઓની ઓળખ થઈ ગઈ છે. જેમાંથી ત્રણ પાકિસ્તાની નાગરિકો અને બે જમ્મુ-કાશ્મીરના રહેવાસી હોવાનું કહેવાય છે. સત્તાવાળાઓએ આતંકી હુમલામાં સામેલ લોકોને પકડવાના પ્રયાસો તેજ કર્યા છે. તપાસ એજન્સીઓએ આસિફ

અનુસંધાન પાના ૭ પર

## પાકિસ્તાન સરકારે રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠક

નવી દિલ્હી, તા. ૨૪

પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઉચ્ચ સ્તરીય CCS બેઠકની અધ્યક્ષતા કર્યાના કલાકો પછી પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠક બોલાવી છે. આ બેઠક ૨૪મી એપ્રિલને ગુરુવારે યોજાવાની છે.આ જાહેરાત પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન ઈશાક ડારેસોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર કરી હતી, જેમાં તેમણે પુષ્ટિ કરી હતી કે રાષ્ટ્રીય સુરક્ષા ચર્ચાનો મુખ્ય વિષય હશે.તેમણે લખ્યું, "વડાપ્રધાન મોહમ્મદ શાહબાઝ શરીફે આજે સાંજે ભારત સરકારના નિવેદનનો જવાબ આપવા માટે ૨૪ એપ્રિલ, ગુરુવારે સવારે રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠક બોલાવી છે."દરમિયાન કેનેડાએ બુધવારે ઘટનાના લગભગ ૩૬ કલાક બાદ કાશ્મીરના પહેલગામમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલાની નિંદા કરી હતી.





### પહેલગામમાં શહીદી વહોરનાર

## ભાવનગરના પિતા-પુત્રની અંતિમ યાત્રામાં જન મેદની ઉમટી પડી

### અંતિમયાત્રામાં પરિવારજનોનું હૈયાફાટ રૂદન : મુખ્યમંત્રીએ સાંત્વના આપી

ભાવનગર, તા. ૨૪

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી હુમલામાં ભોગ બનનાર ભાવનગરના પિતા-પુત્રના મૃતદેહ માદરે વતન લવાયા બાદ પિતા-પુત્રની અંતિમયાત્રા આજે સવારે તેનાં નિવાસસ્થાનેથી નીકળી હતી ત્યારે હજારો લોકોની આંખોમાં અશ્રુઓ વહ્યા હતા.

પરિવારજનોના હૈયાફાટ રૂદનથી વાતાવરણ ગમગીનીભર્યુ બની ગયું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ મૃતકના નિવાસસ્થાને જઈ પુષ્પાંજલી આપી, પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. અંતિમયાત્રામાં સગા-સ્નેહીઓ, ઉપરાંત રાજકીય આગેવાનો, નગરજનો અને વાળંદ સમાજના હજારો લોકો જોડાયા હતા.

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ભાવનગર શહેરનાં કાળીયાબીડ નંદનવન સોસાયટીમાં રહેતા યતીશભાઈ સુધીરભાઈ પરમાર (ઉ.૪૬) અને તેના પુત્ર સ્મીત પરમાર (ઉ.૧૬)ના ગોળી વાગવાથી મોત નિપજયા છે.

ગઈ મોડી રાત્રે ૧૨/૩૦ કલાકે મુંબઈથી અમદાવાદ મૃતદેહો ભાવનગર આવી પહોંચ્યા હતા. અને સવારે ૭ વાગે સર ટી. હોસ્પીટલથી પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા. સવારે

નિવાસસ્થાને બન્ને મૃતદેહો લાવવામાં આવ્યા ત્યારે પરિવારજનોનાં હૈયાફાટ રૂદનથી વાતાવરણ ગમગીનીભર્યુ બની ગયું હતું. હજારો લોકો નિવાસસ્થાને દોડી આવ્યા હતા. અને પુષ્પાંજલી આપી હતી.દરમ્યાન રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા, ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી, દિવ્યેશભાઈ પરસોતમભાઈ સોલંકી, ધારાસભ્ય સેજલબેન રાજીવભાઈ પંડયા, શહેર પ્રમુખ તેમજ અધિકારીઓ- પદાધિકારીઓ ઉપરાંત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલએ પિતા-પુત્રને પુષ્પાંજલી આપી હતી અને પરીવારજનોને સાંત્વના પાઠવી હતી. બાદ અંતિમ યાત્રા નીકળી હતી જેમાં આગેવાનો, નેતાઓ, વાળંદ સમાજના હજારો ભાઈઓ જોડાતા લાંબી અંતિમ યાત્રા નીકળી હતી.

વાળંદ પરિવારનાં પિતા-પુત્રનાં નિધનથી સમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ છે. આજે ભાવનગર શહેરની વાળંદની દુકાનો સવારે ૮થી ૧૨ અર્ધો દિવસ બંધ રહી હતી અને હજારો લોકો અંતિમયાત્રામાં જોડાયા હતા.

## પહેલગામ હુમલાનાં વિરોધમાં કાલે દિલ્હી બંધનું એલાન

### વેપાર-ઉદ્યોગ મહામંડળ દ્વારા 'બંધ'નું આહવાન કરાયું

નવી દિલ્હી, તા. ૨૪

કાશ્મીરનાં પહેલગામમાં ભયાનક આતંકવાદી હુમલા સામે દેશભરમાં આક્રોશ ફાટી નીકળ્યો છે ત્યારે તેના વિરોધમાં પાટનગર દિલ્હીના વેપાર ઉદ્યોગકારો દ્વારા તા.૨૫ એપ્રિલ આવતીકાલે દિલ્હી બંધનુ એલાન આપ્યું છે.'વેપાર પછી દેશ પહેલા'નો ધર્મ સમજીને બંધની જાહેરાત કરવામાં આવી છે.આતંકવાદીઓએ પ્રવાસીઓ પર નહી પરંતુ ભારત દેશ પર હુમલો કર્યાનો રોષ દર્શાવવામાં આવ્યો છે.દિલ્હી મહાસંઘ દ્વારા પહેલગામમાં આતંકવાદીઓએ પ્રવાસી... કરેલી નિર્દયી હત્યા સામે આક્રોશ દર્શાવ્યો હતો. સંસ્થાના પ્રમુખ દેવરાજ વનેજા તથા ઉપપ્રમુખ રાજેન્દ્રકપુરે કહ્યુ કે પાટનગરનાં તમામ વેપારી સંગઠનો સાથે સંકલન કરીને સર્વસંમતિથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. તમામ વેપાર-ઉદ્યોગકારો સ્વૈચ્છીક રીતે કારોબાર બંધ રાખશે.દેશનાં રાષ્ટ્રીય વ્યાપારી સંગઠન એવા કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડીયા ટ્રેડર્સ દ્વારા પણ ટેરર એટેકને વખોડી કાઢવામાં આવ્યો હતો અને મૃતકો-ઘાયલો પ્રત્યે સંવેદના દર્શાવવામાં આવી હતી.ફેડરેશનના મહામંત્રી અને સંસદ પ્રવિણ ખંડેલવાલે કહ્યું કે દિલ્હી સહિત દેશભરનાં વેપારીઓ, ધંધા-રોજગારને અટકાવીને હતભાગીઓનાં પરિવાર સાથે ખભ્ભેખભા મિલાવીને ઉભા રહેવા તૈયાર છે.

## કાશ્મીરમાં પ્રવાસીઓનો ઘર-વાપસી માટે ઘસારો

### પ્રવાસીઓથી ગુંજતું કાશ્મીર ૨૪ કલાકમાં જ સુમસામ થઈ ગયું

શ્રીનગર, તા. ૨૪

ધરતી પરના સ્વર્ગ ગણાતા કાશ્મીરનાં પહેલગામમાં ત્રાસવાદીઓએ આચરેલા નરસંહારથી સમગ્ર દેશ હચમચી ગયો છે.મંગળવાર બપોર સુધી કૂદરતી સૌદર્યની મજા માણતા પ્રવાસીઓથી ધમધમતું કાશ્મીર હવે સુમસામ બની ગયુ છે.પ્રવાસીઓને પરત ફરવા માટે ઘસારો છે. ત્રાસવાદી હૂમલાથી ભયભીત પ્રવાસીઓને હેમખેમ પરત મોકલવા માટે વધારાની વિમાની-રેલ સેવા શરૂ કરવામાં આવી છે. આ ઘટનાક્રમથી હવે કાશ્મીરનો પ્રવાસન ઉદ્યોગ ભાંગી પડવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે.ધરતી પરનુ સ્વર્ગ અચાનક નર્કમાં ફેરવાઈ ગયાનો ઘાટ સર્જાયો છે. કુદરતી સૌદર્યથી ભરપુર રાજયનાં તમામ સ્થળો પરથી પર્યટકો સુરક્ષીત સ્થાનોએ પાછા આવી જતા પ્રવાસીઓની કિલકારીથી ગુંજતા સ્થાનો-રસ્તાઓ સુમસામ બની ગયા છે.કાશ્મીરમાં જ રહેલા પ્રવાસીઓએ પરત આવવાનું શરૂ કરી જ દીધુ છે. બીજી તરફ આવનારા દિવસોમાં પ્રવાસન બુકીગ કરાવનારાઓના બુકીગ પણ ધડાધડ રદ થવા લાગ્યા છે. એક જ દિવસમાં કાશ્મીરનો પ્રવાસન ઉદ્યોગ ભાંગી પડવાના આરે આવી ગયો છે.હુમલાના ૩૦ કલાકમાં જ અંદાજીત ૧૫૦૦૦ થી વધુ પ્રવાસીઓ વિમાન માર્ગે પરત ગયા છે. ૫૦ જેટલી ફલાઈટોએ ઉડાન ભરી હતી. રેલવે તથા માર્ગ પરિવહન મારફત પણ પણ સેંકડો પ્રવાસીઓ પરત ફરી ગયા છે.

અનુસંધાન પાના ૭ પર

## 'જાવ, મોદીને કોલ કરો 'અને કહો કે તમને બચાવે

### નજર સામે પતિની હત્યા જોનાર પત્નીએ આપવિતી વર્ણવી

નવી દિલ્હી, તા. ૨૪

બેંગ્લોરનો ભારત ભૂષણ નામનો નો સોફ્ટવેર એન્જિનિયર તેની પત્ની સુજાતા અને ત્રણ વર્ષના દીકરા સાથે કાશ્મીર ફરવા ગયો હતો. આતંકવાદીઓએ ત્રણ વર્ષના દીકરાની સામે જ તેની હત્યા કરી નાખી હતી અને કહ્યું હતું કે, મોદીને કોલ કરો અને કહો કે તમને બચાવી લે.

ભારતની પત્ની સુજાતાએ મંગળવારે બપોરે પોણાત્રણ વાગ્યે મમ્મી વિમલાબહેનને ફોન કરીને આ ઘટનાની જાણ કરી હતી. વિમલાબહેને મીડિયાને કહ્યું હતું કે, 'એ બપોરે સુજાતાએ રડતાં-રડતાં ફોન કરીને આ ઘટનાની અમને જાણ કરી હતી. તેનાં લગ્નને પાંચ વર્ષ થયાં છે અને ત્રણ વર્ષના દીકરા સાથે બન્ને કાશ્મીર ફરવા ગયાં હતાં.

તેણે કહ્યું હતું કે, પહેલાં એ લોકોએ તેમની પાસે આધાર કાર્ડ જોવા માગ્યું હતું. અમારી ઓળખ

અનુસંધાન પાના ૭ પર

## અટારી બોર્ડરથી પાકિસ્તાનીઓ પોતાના વતન તરફ રવાના

### પાકિસ્તાનની કરાંચીમાં મિસાઈલનું પરિક્ષણ કરવાની તૈયારી

નવી દિલ્હી, તા. ૨૪

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલી આતંકવાદી ઘટના પર કેન્દ્ર સરકારે સંસદ ભવનમાં સાંજે ૬ વાગ્યે તમામ પક્ષોની બેઠક બોલાવી છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ અને ગૃહ પ્રધાન શાહ બેઠકમાં હાજરી આપશે. આ દરમિયાન અટારી બોર્ડરથી પાક. નાગરીકો મોટા પાયે પોતાના દેશ પરત ફરવા લાગ્યા છે

બીજી તરફ, ભારતના બદલાના ડરથી પાકિસ્તાની વાયુસેનાએ આખી રાત ભયમાં વિતાવી. કરાચી એરબેઝથી ૧૮ ફાઈટર જેટ ભારતની સરહદ તરફના એરફોર્સ સ્ટેશનો પર મોકલવામાં આવ્યા છે.

પાકિસ્તાને ૨૪-૨૫ એપ્રિલના રોજ કરાચી કિનારે તેના એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોન (EEZ)ની અંદર તેના દરિયાકાંઠે સપાટીથી સપાટી પર પ્રહાર કરતી મિસાઈલનું પરીક્ષણ કરવા માટે સૂચના જારી કરી છે.

કેન્દ્ર સરકારે ભારતમાં પાકિસ્તાન સરકારના ઠ હેન્ડલ પર પ્રતિબંધ મૂક્યો છે. તે જ સમયે, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે તેના નાગરિકો માટે એક સલાહકાર જારી કરી છે. તેમને જમ્મુ અને કાશ્મીર ન જવાની સલાહ આપવામાં આવી છે. ૨૨ એપ્રિલ (ઘટનાના દિવસે) પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી, પાકિસ્તાની વાયુસેનાએ આખી રાત ભયના છાયામાં વિતાવી. પાકિસ્તાન ભારત તરફથી બદલો લેવાના હુમલાનો સામનો કરી રહ્યું છે.

અનુસંધાન પાના ૭ પર

## સુમુલ દ્વારા સુરત અને તાપી જિલ્લાના

# પશુપાલકોને પ્રતિ કિલોફેટ દીઠ ઐતહાસિક રૂા.૧૨૦ બોનસ અપાશે : માનસિહભાઈ પટેલ

### સુમુલ ડેરીના ૭૪ વર્ષના ઈતિહાસમાં સૌથી ઉંચુ બોનસ ચૂકવાનો નિર્ણય

સુરત, તા.૨૪

સુમુલડેરીના ૭૪ વર્ષના ઈતિહાસમાં સુમુલડેરીના પ્રમુખશ્રી માનસિહભાઈ પટેલની અધ્યક્ષતામાં સુરત અને તાપી જીલ્લાના પશુપાલકોનેપ્રતિ કિલોફેટ દીઠ રૂ ૧૨૦ બોનસ ચૂકવવાનું નક્કી કરેલ છે.

આમ સુમુલ ડેરી દ્વારા સુરત અને તાપી જીલ્લાના પશુપાલકોને વિત્ત વર્ષ ૨૪-૨૫ માટેદૂધના સરેરાશ ભાવ રૂ ૯૬૬.૪૦ તેમજ બી.સી.યુ ફેટફેર રૂ ૩૨.૦૦ અને ડિવિડન્ડ રૂ ૧.૬૦ મળી પ્રતિ કિલોફેટના રૂ ૧૦૦૦ ચૂકવશે જે સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ હરોળના ભાવ રહેશે. સુમુલડેરીનું છેલ્લા ૫ વર્ષમાં સુરત અને તાપી જીલ્લાના દૂધ સંપાદનમાં ૩૩.૪૪%ની નોંધપાત્ર વૃદ્ધિ હાંસલ કરેલ છે "સહકાર થી સમૃદ્ધિ" તેમજ સસ્ટેનીબલિટી એન્ડ સર્ક્યુલરીટીના અભિયાનને સાચા અર્થમાં ઉજાગર કરતી સુમુલડેરી દ્વારા સુરત અને તાપી જીલ્લાના પશુપાલકોને વ્યાજમુક્ત પશુધિરાણ તેમજ ભારત સરકારના ક્લીન એનર્જી અભિયાન અંતર્ગત દૂધમંડળીઓ પર સોલર લગાવવામાં આવેલ છે તેમજ બાયોગેસ અંતર્ગત ૬૫૪૩ ફેમિલી સાઈઝના બાયોગેસ પ્લાન્ટ નાંખી દૈનિક ૩૨૭ મેટ્રિકટન ગોબર મેનેજમેન્ટ અને ૬૫૪ મેટ્રિકટન સ્લરીનું ઉત્પાદન કરવામાં આવે છે અને તેના થકી દૂધ ઉત્પાદકોના ૬૫૪૩ કુટુંબો લાભાંવીત થઈ રહ્યા છે આમ સુમુલ ડેરીની કામગીરી સમગ્ર ગુજરાતમાં પ્રથમ કમાંકે રહી છે, સુમુલડેરી દ્વારા છેલ્લા ૫ વર્ષમાં ૫૦ લાખથી વધુ વૃક્ષારોપણ કરી ગ્લોબલ વૉમિંગ જેવી વૈશ્વિક સમસ્યા સામે ટકવા એક ઉતમ સામાજિક કામગીરી નિભાવેલ છે. તેમની અધ્યક્ષતામાં તેમના કાર્યકાળમાં સુમુલ ડેરીના તમામ એકમોને ભારત સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા "ઉર્જા બચત" માટે અલગ અલગ વર્ષમાં ઉર્જામંત્રી, ઉપરાષ્ટ્રપતિ અને રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે, તેમજ ઇંડિયન ડેરી એસોસિએશન (આઈ. ડી. એ) અને સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્ષ એન્ડ ઈન્ડસ્ટ્રી –SGCCI દ્વારા અલગ અલગ કેટેગરીમાં ૯ એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. સુમુલડેરીએ છેલ્લા ૫ વર્ષમાં કરકસરયુક્ત વહીવટ કરી સુરત અને તાપી જીલ્લાના પશુપાલકોને અલગ અલગ પ્રકારે જેમકે ૨૪ કલાક પશુસારવાર, સુમુલસેતુ, સુમુલ-સૂડીકો દૂધગંગા યોજના, ફેમિલી સાઈઝ બાયોગેસ, મંડળીઓ પર રૂફટોપ સોલર જેવી વિવિધ યોજનાઓ અંતર્ગત જોડી સહાયરૂપ થવાનો તેમજ નાની નાની બચત કરાવી આવકમાં નોંધપાત્ર વધારો કરવામાં સફળ પ્રયત્ન કરેલ છે.કુલ રૂ ૧૧૦ કેશ અને રૂ .૧૦ બચત મળી કુલ રૂ . ૧૨૦ ભાવ ફેર ચુકવવામાં આવનાર છે.

# અભિષેક સિંહે યુપીએસસી રિઝલ્ટમાં ૮૭મો રેન્ક મેળવ્યો

### બિહાર વિકાસ પરિષદ દ્વારા અભિષેક સિંહને અભિનંદન પાઠવાયા

સુરત, તા.૨૪

બિહાર વિકાસ પરિષદના આજીવન સભ્ય શ્રી અંજની કુમાર સિંહના પુત્ર શ્રી અભિષેક અંજની સિંહે સિવિલ સર્વિસ પરીક્ષામાં ૮૭મો ક્રમ મેળવીને પોતાના પિતા, પરિવાર, ગામ અને સમાજનું નામ રોશન કર્યું છે.



શ્રી અભિષેક અંજની સિંહે સુરતની સેવન ડે સ્કૂલમાંથી ૧૨મા ધોરણ સુધીનું શિક્ષણ, અમદાવાદની નિરમા યુનિવર્સિટીમાંથી બી.ટેક એન્જિનિયરિંગ અનેૈસ રોહતકમાંથી સ્મ્હ્ઠ ડિગ્રી મેળવી. શ્રી અંજની કુમાર સિંહના પિતા શ્રી અભિષેક અંજની સિંહ મૂળ બિહારના બેગુસરાય જિલ્લાના ચમથા ગામના રહેવાસી છે અને છેલ્લા ૩૦ વર્ષથી સુરતમાં કોન્ટ્રાક્ટિંગ અને ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલા છે. એક સામાન્ય પરિવારમાંથી આવતા, શ્રી અભિષેકે પોતાની મહેનત દ્વારા પોતાના પરિવાર અને સમાજનું નામ રોશન કર્યું છે. બિહાર વિકાસ પરિષદના પ્રમુખ ધર્મેશ સિંહ અને તમામ કારોબારી સભ્યો શ્રી અભિષેક અંજની સિંહને શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવે છે.

# અદાણી ફાઉન્ડેશન દ્વારા ઉમરપાડા ખાતે પોષણ પખવાડિયાની ઉજવણી

### સ્ત્રીઓ અને બાળકોને આરોગ્યપ્રદ આહાર વિશે સમજ અપાઈ




સુરત, તા.૨૪

અદાણી ફાઉન્ડેશન દ્વારા ૮ એપ્રિલથી ૨૨ એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. આ અભિયાનનો મુખ્ય હેતુ સમાજમાં પોષણ અંગે જાગૃતિ ફેલાવવાનો અને ખાસ કરીને સ્ત્રીઓ, બાળકો અને કિશોરીઓમાં આરોગ્યપ્રદ આહાર વિશે સમજ વધારવાનો રહ્યો છે.

પોષણ સપ્તાહ દરમિયાન સમગ્ર ઉમરપાડા તાલુકામાં વિવિધ સામાજિક અને આરોગ્યપ્રદ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મુખ્યત્વે પોષણ રેલી, હેલ્થી કૂકિંગ ડેમોન્સ્ટ્રેશન, હેલ્થી બેબી સ્પર્ધા, ફેમિલી કાઉન્સેલિંગ, ફોકસ ગ્રુપ ડિસ્કશન. આ તમામ પ્રવૃત્તિઓમાં આંગણવાડી કાર્યકર અને આશા કાર્યકરની સક્રિય ભાગીદારી રહી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં અદાણી ફાઉન્ડેશનના પોષણ પ્રોજેક્ટના મુખ્ય આધારસ્તંભ એટલે કે સુપોષણ સંગિનીઓએ અગ્રણી ભૂમિકા ભજવી હતી. તેમણે લાભાર્થીના ઘરે જઈ માર્ગદર્શન આપવું, કાઉન્સેલિંગ કરવું અને જાગૃતિ વધારવા માટે વિવિધ પ્રયાસો કર્યા. "પોષણ પખવાડિયાની ઉજવણી માત્ર અભિયાન પૂરતી મર્યાદિત નથી, તે સમાજમાં આરોગ્યપ્રદ જીવનશૈલીને અપનાવવાની દિશામાં એક મજબૂત પગલું છે. સુપોષણ સંગિનીઓ અને સરકારના સહયોગથી ઉમરપાડામાં પોષણ અંગે એક નવી ઉર્જા ઊભી થઈ છે." આ ઉજવણી ભારત સરકારના પોષણ અભિયાન અંતર્ગત થતી પહેલોને સપોર્ટ કરે છે અને અદાણી ફાઉન્ડેશનના સમાજહિત માટેના કાર્યને વધુ મજબૂત બનાવે છે.




# આતંકી હુમલામાં મૃતકોને આમ આદમી પાર્ટી દ્વારા શ્રધ્ધાંજલી

### વરાછા રોડ બરોડા પ્રિસ્ટેજથી કાપોદ્રા સુધી કેન્ડલ માર્ચ

સુરત, તા.૨૪

ગતરોજ કાશ્મીરના પહેલગામ ખાતે ત્રણ ગુજરાતી પર્યટકો સહીત અનેક લોકોના આતંકવાદી હુમલામાં મૃત્યું થયા હતાં, જેના પરિણામ સ્વરૂપ આજે સુરત ખાતે આમ આદમી પાર્ટી દ્વારા મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. વરાછા રોડ ખાતે બરોડા પ્રિસ્ટેજથી કાપોદ્રા ખાતે રેલમાં વિશાળ માત્રામાં આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ, તમામ કોર્પોરેટરો અને મોટી સંખ્યામાં કાર્યકરોએ ઉપસ્થિત રહીને કેન્ડલ માર્ચ કાઢી હતી.

આ બાબતે આમ આદમી પાર્ટી પ્રદેશ સંગઠન મંત્રી રામભાઈ ધડુકે જણાવ્યું હતું કે, પહેલગામ ખાતે આતંકવાદી હુમલાનો ભોગ બનેલ સૌને અમે શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ અને તેમના પરિવારજનોને આમ આદમી પાર્ટી સાંત્વના પાઠવે છે. આ દુઃખની ઘડીમાં આમ આદમી પાર્ટી મૃતકોના પરિવારની સાથે ખડેપગે ઉભી છે. આવા આતંકી કૃત્યો કરનાર કોઈ પણ હોય, તેને પકડી કડકમાં કડક પગલાં લેવામાં આવે તેવી આમ આદમી પાર્ટીની માંગ છે. આ મુદ્દે વિપક્ષ નેતા પાયલ સાકરીયાએ પોતાની ઉગ્ર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, આતંકવાદીઓનો કોઈ ધર્મ નથી હોતો. ભારતમાં ઘુસીને આપણા નાગરિકોનો જીવ લેનાર કોઈને પણ છોડવા ન જોઈએ. સરકારને અપીલ કરીએ છીએ કે નિર્દોષોને મોતને ઘાટ ઉતારનાર આવા જે કોઈ તત્વો હોય તેને પકડી તેની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે અને આતંકવાદીઓનો સફાયો થવો જોઈએ તેવી અમારી માંગ છે. 'આપ' સુરત લોકસભા પ્રભારી રજનીકાંત વાઘાણીએ પણ પોતાના એક વિડીયોના માધ્યમથી જણાવ્યું હતું કે, આતંકવાદનો સફાયો કરવામાં અમે સરકારની સાથે છીએ. આવા કૃત્યો કરનાર સામે સરકાર જે કોઈ આકરા પગલાં લેશે તેને અમે સમર્થન આપીશું. રજનીકાંત વાઘાણીએ

અનુસંધાન પાના ૭ પર



# મહારાષ્ટ્ર મુસ્લિમ ખાટીક સમાજનો સમૂહ લગ્નોત્સવ

### નવ પરિણાતોને શુભકામના પાઠવતા દર્શન નાયક

સુરત, તા.૨૪

સુરત જિલ્લામાં બારડોલી ખાતે પ્રથમ વખત અખિલ મહારાષ્ટ્ર મુસ્લિમ ખાટીક (ખાંડેશી બકર કસાબ)સમાજની સુરત જીલ્લા બાબેન – બારડોલી સમિતિ દ્વારા ગુજરાત – મહારાષ્ટ્ર – મધ્યપ્રદેશના સંયુક્ત સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવેલ હતું. આ સમૂહ લગ્ન પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શનભાઈ નાયક હાજર રહ્યા હતા અને તેમના દ્વારા સમૂહ લગ્નમાં ભાગ લેનાર ૨૩ જેટલા વર - વધૂઓને શુભકામનાઓ આપવામાં આવી હતી અને આવા સામાજિક કાર્યના સુંદર આયોજન બદલ આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો અને આજ રીતે સમાજ માં એકતા અને બંધુત્વતની ભાવના જણવાઈ રહે એવા પ્રયત્નો થતાં રહેવા જોઈએ એમ જણાવેલ હતું. આ પ્રસંગે મહેમાન તરીકેન ખાટિક મુસ્લિમ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ એન્ડ સુપ્રીમ એન્ડ સનોવર અલી કુરેસી,સામાજિક આગેવાન હનીફભાઈ ભીમલા,સામાજિક આગેવાન ફરીદ ગજિયા, સોએબભાઈ ભામ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રેડ એન્ડ વ્હાઈટ એજ્યુકેશન દ્વારા વિદ્યાર્થીઓને સર્ટીફીકેટનું વિતરણ

### ઈન્ડસ્ટ્રીઝની જરૂરીયાત મુજબ વિદ્યાર્થીઓને તૈયાર કરાયા



સુરત, તા.૨૪

NSDC I Authroized Training Partner Red & White Skill Education " વિદ્યાર્થીઓ માટે પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમણે પોતાના કૌશલ્ય આધારિત કોર્સ પૂર્ણ કર્યા છે. આ કાર્યક્રમમાં, વિદ્યાર્થીઓએ માત્ર પ્રમાણપત્ર જ નથી મેળવ્યું, પરંતુ પોતાની કારકિર્દી માટે શક્તિશાળી કૌશલ્ય પણ પ્રાપ્ત કર્યાં છે. આજે, આ વિદ્યાર્થી શહેરના પ્રતિષ્ઠિત ક્ષેત્રોમાં Developer, Creative Designer, અને Mobile App Developer તરીકે નોકરી કરી રહ્યા છે.

આજના યુગમાં, કૌશલ્ય છે તો નોકરી, કારકિર્દી અને સફળતા છે. ઘણા યુવાનો ગ્રેજ્યુએશન પછી પણ નોકરી મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, કારણ કે તેમને Practical Skills અને Industry-Oriented Training નો અભાવ છે. Red & White Skill Education એ આ અભાવને પૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહી છે, Practical Skills આપીને વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીની વર્તમાન જરૂરિયાતો મુજબ તૈયાર કરી રહી છે. જે રીતે આદરણીય શ્રી Ratan Tata અને Sundar Pichai એ કહ્યું છે: "Degrees are good, but Skills are power." "Skills are Power" —આ વાતને ભારત સરકાર દ્વારા સ્થાપિત NSDC દ્વારા પણ પુરવાર કરવામાં આવી છે, અને Red & White, NSDC ના Authroized Training Partner તરીકે આ દૃષ્ટિકોણને મજબૂત રીતે અનુસરે છે. અમારુ મુખ્ય મકસદ છે કે વિદ્યાર્થીઓને માત્ર શિક્ષણ નહી, પરંતુ એવી શક્તિ આપવી તેઓ આત્મનિર્ભર બની શકે અને પોતાના ભવિષ્યને નવી ઊંચાઈ પર લઈ જઈ શકે. જોઈએ તો, આ કાર્યક્રમ માત્ર પ્રમાણપત્ર વિતરણ નહોતું – તે વિદ્યાર્થીઓ માટે નવા ભવિષ્યની શરૂઆત હતી.

# પહેલગામ હુમલાના મૃતકોને શ્રધ્ધાંજલી આપવા મૌન રેલી

### સાંસ્કૃતિક રક્ષા સમિતિ દ્વારા બમરોલી રોડ પર કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૨૪

સાસ્કૃતિક રક્ષા સમિતિ દ્વારા ગત રોજ પાકિસ્તાની આતંકવાદીઓ દ્વારા કાશ્મીરના પહલગામ માં ભારતીય પ્રવાસીઓ પર કરેલ હુમલામાં ૨૮ થી વધુ નાગરિકોની ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવેલ, તેવા મૃતકોની આત્માને શાંતિ આપવા હેતુ મૌન રેલી કરી, હાથમાં દીપ રાખી, અને પુષ્પ અર્પણ કરી શ્રધાંજલિ પાઠવેલ. મૌન રેલી સાંઈ સમર્પણ નજીક સ્વામી વિવેકાનંદ ચોક થી વેલકમ પાન સેન્ટર નજીકના કન્યા સુરક્ષા સર્કલ સુધી રાખેલ. આ મૌન રેલી માં ૫૦૦ થી વધુ યુવક યુવતીઓ જોડાયા હતા. યુવાઓએ હાથમાં કેન્ડલ



અને દીપ સાથે રાખી શાંતિમય રીતે શ્રધાંજલિ અર્પણ કરેલી. આ સાથે સંસ્થાના અધ્યક્ષ આશિષ સુર્યવંશી એ જણાવ્યું હતું કે, જે પ્રકારે ભારત સરકારે પુલવામા હુમલાનો બદલો તેઓના ઘરમાં ઘૂસીને ખાત્મો કરેલ તેવી જ રીતે આ વખતે પહલગામનો બદલોૅદ્ધ નો કબજો મેળવી, સામી છાતીએ પાકિસ્તાનના કરાચી ઉપર હુમલો કરી આખા વિશ્વમાં હિન્દુસ્તાનની તાકાત બતાવવા સરકાર સમક્ષ માંગ કરી હતી. યુવાનોમાં આક્રોશ હોવાથી કાર્યક્રમના અંતે પાકિસ્તાનના ઝંડાને સળગાવી, પાકિસ્તાન અને આંતકવાદ મુર્દાબાદના નારા લગાવી વિરોધ પ્રદશન કરેલ.

# ચીખલીના યુવાન વેપારી સાથે રા.૭૨૯૫૪નું સાયબર ફ્રોડ

### તમારા મામાના ખાતામાં રૂા.૧૫ હજાર જમા થઈ જશે કહી ગઠિયો યુવાને મામું બનાવી ગયો

ખેરગામ, તા.૨૪

ખેરગામ ચીખલીના માંડવખકમાં રહેતા યુવાનને તમારા તથા તમારા મામાના ખાતામાં રૂ.૧૫ હજાર જમા થઈ જશે તમે યુપીઆઈ આઈડી મોકલો કહી લાલચમાં આવી ગયેલા યુવાને ૭૨૯૫૪ રૂપિયા ગુમાવ્યા હતા. છેતરાયાનું ભાન થતાં યુવાને ખેરગામ પોલીસમથકનું શરણું લીધું હતું.

છેતરપિંડીની ઘટના બાબતે સરકાર અવારનવાર મેસેજ થકી જાણ કરે છે, છતાં લોકો સુધરવાનું નામ લેતા નથી. મફત આપવાની વાત કરનારા તમારી બચત ખાલી કરી શકે છે. સાયબર માફિયાઓ ટાંપીને જ બેઠા હોય છે કે તમે ભૂલ કરો ને પોતાનો ઉલ્લું સીધો થઈ જાય. આવી જ એક ઘટના ખેરગામ પોલીસમથકમાં સમાવિષ્ટ ચીખલીના માંડવખડક ગામના તાડફળિયામાં પ્રકાશમાં આવી હતી. પિનલભાઈ જિતેન્દ્રભાઈ પટેલ (ઉં.વ.૨૭) વેપાર સાથે સંકળાયેલા છે. ગત તા.૧૮મીએ સાંજે સાડા સાત વાગ્યે તેઓ ઘરે હાજર હતા. એ વેળા તેમના મામા મુકેશભાઈએ ફોન કરી જણાવ્યું હતું કે, મને મો.નં.૯૫૨૩૨૩૦૪૫૮ પરથી કોઈનો ફોન આવ્યો હતો અને સમાવાળાએ કહ્યું હતું કે, તમારા ગૂગલ પેમાં ૧૫ હજાર જમા થવાના છે. હું તો ગૂગલ પે ઉપયોગ નથી કરતો, જેથી તમે મોબાઈલ નંબર ઉપર વાત કરી લો. આથી પિનલે અજાણ્યા મોબાઈલ નંબર ઉપર વાતચીત કરી હતી. સામાવાળાએ પિનલના મોબાઈલના ગૂગલ પે આઈડી ઉપર અલગ અલગ રિક્વેસ્ટ મોકલી હતી. જે રિક્વેસ્ટ એપ્રૂવ કરી પિન નંબર નાંખતાં જ યુપીઆઈ આઈડીથી ઓનલાઈન રૂ.૭૨૯૫૪ ટ્રાન્સફર થઈ ગયા હતા. આથી યુવાનને ૧૫ હજારના ચક્કરમાં મોટી રકમ ખંખેરી અજાણ્યાએ ઠગાઈ કર્યાનું ભાન થતાં તેણે ખેરગામ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ ગુનાની વધુ તપાસ મહિલા પો.ઈ. પી.ડી.ચૌધરી કરી રહ્યા છે.

# પહેલ ગામ હુમલામાં શહીદી વ્હોરનાર પિતા-પુત્રને મુખ્યમંત્રીની શ્રધ્ધાંજલી

### મુખ્યમંત્રીએ શોક સંતૃપ્ત પરિવારજનોને સાંતવના પાઠવી સંવેદના વ્યક્ત કરી

સુરત, તા.૨૪

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જમ્મુ કાશ્મીરનાં પહેલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ભાવનગરના સ્વર્ગસ્થ પિતા-પુત્રને તેમના ઘરે જઈ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ભાવનગરના કાળિયાબીડ વિસ્તારમાં આવેલ નંદનવન સોસાયટીમાં રહેતાં યતીશભાઈ સુધીરભાઈ પરમાર અને તેમના પુત્ર સ્મિત યતીશભાઈ પરમારનું આતંકી હુમલામાં દુઃખદ અવસાન થયું છે. તેમના મૃતદેહને મોડી રાત્રે ભાવનગર ખાતે લાવવામાં આવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે શોક સંતૃપ્ત પરિવારજનોને ઘરે જઈ પરિવારજનોને સાંત્વના પાઠવી સંવેદના વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ગસ્થ પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.આતંકવાદી હુમલામાં માર્યા ગયેલાં પિતા-પુત્રના મૃતદેહોને ઈન્ડિગોની ફ્લાઈટમાં શ્રીનગરથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ લાવવામાં આવ્યા હતા. અમદાવાદથી રોડ માર્ગે બન્ને મૃતદેહને મધ્યરાત્રીએ ભાવનગર લવાયા હતા. શ્રમુખ્યમંત્રીશ્રીની સાથે કેન્દ્રિય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા, કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા, મેયરશ્રી ભરતભાઈ બારડ, ધારાસભ્યો સર્વ શ્રી જીતુભાઈ વાઘાણી, શ્રીમતી સેજલબેન પંડ્યા, શ્રી ભીખાભાઈ બારૈયા, શ્રી ગૌતમભાઈ ચૌહાણ, જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. મનોજકુમાર બંસલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હનુલ ચૌધરી, રેન્જ આઈ.જી શ્રી ગૌતમ પરમાર સહિતના અગ્રણીઓએ મૃતક પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી આ દુઃખની ઘડીમાં સહભાગી બન્યા હતા.

# પહેલ ગામ આતંકી હુમલાને વેપાર-ઉદ્યોગ જગતે વખોડ્યો

સુરત, તા.૨૪

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા અખબારી યાદીમાં જણાવે છે કે, જમ્મુ કાશ્મીરના પહલગામમાં તા. ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ થયેલી દુર્ભાગ્યપૂર્ણ અને દુઃખદ ઘટનાની અમે દક્ષિણ ગુજરાતના ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી વતિ ઘોર નિંદા કરીએ છીએ અને તેને સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ. આ હુમલો માનવતા સામે ગુનો છે અને સમાજમાં શાંતિ અને સ્થિરતા બગાડવાનો ઘાતક પ્રયાસ છે. આ પ્રકારની ઘટનાઓ માત્ર માનવતા સામેના હુમલા નથી, પણ તે દેશના આર્થિક વિકાસ અને ખાસ કરીને પ્રવાસન આધારિત અર્થતંત્ર પર ગંભીર અસર છોડી જાય છે. જમ્મુ કાશ્મીરમાં પહલગામ જેવી શાંતિપ્રિય અને સુંદર જગ્યા, જે હિમાલયના હૃદયમાં વસેલી છે ત્યાં ભારતથી તથા વિદેશોથી દર વર્ષે લાખો પ્રવાસીઓ ફરવા માટે જાય છે, ત્યાં આતંકવાદીઓ દ્વારા આવી હિંસા સમગ્ર વિસ્તારની પ્રતિષ્ઠા અને વિશ્વસનિયતાને નુકસાન પહોંચાડે છે, આથી દક્ષિણ ગુજરાતના વેપાર – ઉદ્યોગના પ્રતિનિધિ તરીકે અમે આવી ઘટનાને રોકવા માટે તાત્કાલિક પગલાં લેવા માટે સરકારને અપીલ કરીએ છીએ, જેથી આવા આતંકી હુમલાનું પુનરાવર્તન રોકી શકાય અને વેપાર, ઉદ્યોગ

અનુસંધાન પાના ૭ પર

### પ્રવાસન ક્ષેત્રમા પુનઃ વિશ્વાસ પ્રસ્થાપિત કરવા તાકીદે પગલા ભરો : વિજય મેવાવાલા

# ટેક્ષટાઈલ ક્ષેત્રે મશીનરી બનાવવા માટેના કોર્સ ડેવલપ કરવો જરૂરી

### ચેમ્બર દ્વારા 'એમ્પાવરીંગ ધ ટેક્ષટાઈલ સેક્ટર થ્રુ સ્કિલ ડેવલપમેન્ટ' વિષય પર સેશન યોજાયું

સુરત, તા.૨૪

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા નવી દિલ્હીના સ્કિલ ઈન્ડિયા, ટેક્ષ્ટાઈલ સેક્ટર સ્કિલ કાઉન્સિલ અને નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર– સુરત, ધ ફેડરેશન ઓફ ઈન્ડિયન આર્ટ સિલ્ક વિવિંગ ઈન્ડસ્ટ્રી (ફિઆસ્વી) અને ધ સુરત આર્ટ સિલ્ક કલોથ મેન્યુફેકચરર્સ એસોસીએશન (સાસ્કમા)ના સહયોગથી મંગળવાર, તા. ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'એમ્પાવરીગ ધ ટેક્ષ્ટાઈલ સેકટર થ્રુ સ્કિલ ડેવલપમેન્ટ'વિષય પર સેશન યોજાયું હતું.

આ સેશનમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર–સુરતના જનરલ મેનેજર શ્રી જે.બી. દવે અને યુમી—એલાયન્સના સીઈઓ શ્રી ચિરાગ ડાવર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા અને તેઓએ સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું. નિષ્ણાંત વકતા તરીકે નવી દિલ્હી સ્થિત ટેક્ષ્ટાઈલ સેકટર સ્કિલ કાઉન્સીલના સીઈઓ ડો. સ્વપ્ના મિશ્રા અને નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર– ગુજરાતના સ્ટેટ એન્ગેજમેન્ટ ઓફિસર શ્રી રાકેશ કુમારે ભારત સરકાર અને ગુજરાત સરકારની સ્કિલ ડેવલપમેન્ટની યોજનાઓથી ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓને માહિતગાર કર્યા હતા.ચેમ્બર ઓફ કોમર્સના પ્રેસિડેન્ટ

અનુસંધાન પાના ૭ પર



**પ્રિત ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રીમતી ભારતીબેન વશી દ્વારા ગડતની અંબિકા હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ ગુજકેટ, જેઈઈ અને નીટની પરીક્ષાની ઓનલાઈન તૈયારી કરી શકે એ હેતુથી અદ્યતન કોમ્પ્યુટર લેબના નિર્માણ માટે ૪ લાખ રૂપિયાનું અનુદાન આપવામાં આવ્યું હતું.**


# તમે ચાલશો તો તમારું આરોગ્ય સારું એવું દોડશે !

જીમમાં જવું એવો થઈ ગયો છે, પણ એવું બિલકુલ નથી. કારણ કે તાજાં સંશોધન મુજબ, વિશ્વના સૌથી સ્વસ્થ લોકો ક્યારેય જીમમાં જતા નથી. આ સંશોધન અમેરિકન કેન્સર સોસાયટી દ્વારા કરવામાં આવ્યું છે. સંશોધન મુજબ, જે લોકો અઠવાડિયામાં ૬ કલાક ચાલે છે એ સૌથી સ્વસ્થ હોય છે. એટલું જ નહીં, જે લોકો અઠવાડિયામાં આટલું ચાલે છે એ પણ લાંબા સમય સુધી જીવે છે. જોકે, આજકાલ લોકો એટલા વ્યસ્ત થઈ ગયા છે કે એમની પાસે યોગ્ય રીતે ખાવાનો પણ સમય નથી. આવી સ્થિતિમાં, દરરોજ કસરત કરવા જેવી સ્વસ્થ આદતોનું પાલન કરવાનું વિચારવું પણ એમના માટે એક મોટું કામ બની જાય છે.

આ જ કારણ છે કે જો કોઈ વ્યક્તિ દરરોજ કસરત ન કરી શકે તો એને ચાલવાની સલાહ આપવામાં આવે છે. અગાઉ થયેલા એક સંશોધન મુજબ, ચાલવાથી હૃદયરોગનું જોખમ ૩૧ ટકા ઓછું થાય છે. ‘હાર્વર્ડ મેડિકલ સ્કૂલ’ દ્વારા કરવામાં આવેલા આ સંશોધન મુજબ, દરરોજ ચાલતા લોકોમાં મૃત્યુદર પણ ૩૨ ટકા ઘટે છે.

આ સંશોધન મુજબ, દર કલાકે થોડી મિનિટો ઝડપથી ચાલવું એ દિવસભર જીમમાં એક કલાક કસરત કરવા બરાબર છે, પરંતુ જો આપણે આંકડાઓની વાત કરીએ તો, ૯ માંથી પાંચ લોકો આરામની શોધમાં પોતાની ખુરશીઓ સાથે ચોંટી રહે છે. બાકી હતું તે આજના સમયમાં આધુનિક ઉપકારણોએ પૂરું કર્યું છે. ટેલિવિઝન, મોબાઈલ અને લેપટોપને કારણે,

લોકોમાં એક જગ્યાએ બેસવાની આદત વધી ગઈ છે.



સામાન્ય લોકોને પ્રશ્ન એ પણ થાય કે ઝડપથી ચાલવું એટલે કેટલું ઝડપથી? કારણકે દરેકની ચાલવાની ઝડપ આમ પણ અલગઅલગ જ હોય છે. ‘સિડની યુનિવર્સિટી’ના ‘ચાર્લ્સ પર્કિન્સ સેન્ટર એન્ડ સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થ’ના પ્રોફેસર ઈમેન્યુઅલ સ્ટેમાટાકિસ સમજાવે છે: ‘એક ઝડપી ગતિ સામાન્ય રીતે પ્રતિ કલાક પાંચથી સાત કિલોમીટરની હોય છે, પરંતુ તે ખરેખર ચાલનારના ફિટનેસ સ્તર પર પણ આધાર રાખે છે.’

ઝડપથી ચાલવાથી શું ફાયદા થાય છે તે પણ નિષ્ણાતો આ રીતે સમજાવે છે.

તમારી કાર્યક્ષમતા વધે છે. એટલું જ નહીં, તે તમારા શરીરને ચપળ અને સ્ફૂર્તિલું બનાવવામાં મદદ કરે છે. ઘણાં સંશોધનોમાં એ પણ બહાર આવ્યું છે કે ચાલવાથી હૃદયરોગનું જોખમ ઓછું થાય છે. હકીકતમાં, દોડવાની શૈલીમાં દરરોજ ચાલવાથી રક્ત પરિભ્રમણ અને હૃદયના ધબકારા બરાબર રહે છે, જેનાથી હૃદય સ્વસ્થ રહે છે. દરરોજ ચાલવાથી બ્લડ સુગર લેવલ નિયંત્રિત કરવામાં મદદ મળે છે. આનાથી ડાયાબિટીસનું સંચાલન સરળ બને છે. ચાલવાથી ઈન્સ્યુલીન સંવેદનશીલતા વધે છે, જે શરીરમાં ઈન્સ્યુલીનનું સ્તર સુધારવા અને ડાયાબિટીસને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.જો તમે ખરેખર વજન ઓછું કરવા માગતા હો, તો તમારે દરરોજ ઓછામાં ઓછા ૧૦ હજાર પગલાં ચાલવું જોઈએ. આનાથી શરીરની વધારાની ચરબી ઓછી થશે અને તમારું શરીર આકારમાં રહેશે. ચાલવાથી શરીરના સ્નાયુઓ પણ સ્વસ્થ રહે છે અને સૌથી મહત્ત્વની વાત એ છે કે ચાલવું એટલું મુશ્કેલ નથી જેટલું જીમમાં પરસેવો પાડવો. દરરોજ ૩૦ મિનિટ ચાલવાથી હાડકા અને સાંધાના દુખાવામાં જલ્દી રાહત મળશે. ચાલવાથી હાડકાં લચીલા અને મજબૂત બને છે.ઘણી વખત, સતત બેસીને કામ કરવાથી કમરનો દુખાવો થઈ શકે છે. આવી સ્થિતિમાં, દરરોજ ઓછામાં ઓછા અડધો કલાક ચાલવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તેનાથી ન માત્ર કમરનો દુખાવો ઘટે છે, તે તમારા શરીરને પણ ફિટ રાખે છે અને ચાલવાથી તમારા મનને પણ તાજગી મળે છે. દરરોજ ચાલવાથી શરીરના હાડકાં મજબૂત બને છે. ખાસ કરીને આપણી કમર, હિપ્સ અને પગના સ્નાયુઓને હાડકાંને આનાથી ઘણો ફાયદો થાય છે. સંશોધન મુજબ, ખાસ કરીને જે લોકોનું વજન વધારે છે અથવા જેઓ પ્રી-ડાયાબિટીસથી પીડાય છે તેમના માટે ચાલવાની કસરત ખૂબ લાભકારક સાબિત થઈ શકે છે.જોકે, અહીં એ નોંધવું મહત્ત્વપૂર્ણ છે કે ચાલવાની ગતિ માત્ર એક પરિબળ છે. આ ઉપરાંત, વ્યક્તિની એકંદર જીવનશૈલી – જેમાં આહાર, તણાવ વ્યવસ્થાપન અને ઊંઘ જેવી સ્વસ્થ ટેવોનો સમાવેશ થાય છે – પણ ડાયાબિટીસ અને અન્ય બીમારીઓને રોકવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# “દાદીનું કાવ્ય, દાદાનું ગીત – બનાવે જીવન મધુર સંગીત”




સુરત કતારગામ સ્થિત યોગી પ્રવૃત્તિ વિદ્યાલયમાં "વડીલોની છત્ર છાયા" સમારોહ અદ્વિતીય રીતે યોજાયો જેના સાક્ષી બનવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું. બહુ ઓછી શૈક્ષણિક સંસ્થા આ પ્રકારના વડીલોને વંદન કરવાના કાર્યક્રમો યોજતી હોય છે. સુરત શહેરની યોગી પ્રવૃત્તિ વિદ્યાલય આ કાર્યક્રમ યોજીને વડીલો પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી છે. યોગી પ્રવૃત્તિ વિદ્યાલયના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી હેતલબેન મિયાણી તેમજ આચાર્યા સ્વાતિબેન કાપડિયાના વિશિષ્ટ આયોજનમાં આ કાર્યક્રમ સંપન્ન થયો. આમંત્રિત મુખ્ય વક્તા શ્રી દિલીપ ઘાસવાલાએ વડીલોને આદરપૂર્વક સંબોધન કરતા જણાવ્યું કે તમારા પૌત્રોને બાળપણ ની કવિતા બોલાવડાવો. એમને શિક્ષિકા પાસે પહેલા જૂનું વર્ઝન ગવડાવ્યું હતું. બાદમાં એક બિલાડી જાડીનું નવું વર્ઝન એમણે કહ્યું હતું. આગળ એમણે જણાવ્યું કે ઘરડા થવું અને વૃદ્ધ થવુંમાં ખૂબ તફાવત છે. શારીરિક રીતે પડી ભાંગેલા લોકો ઘરડા કહેવાય છે. જ્યારે જ્ઞાનમાં વૃદ્ધિ પામનારા અને સતત જાતમાં પરિવર્તન કરી વૃદ્ધિ પામનારા વૃદ્ધ કહેવાય છે. જિંદગીમાં વૃદ્ધ થજો પરંતુ ઘરડા થશો નહિ. તમારા પૌત્ર અને પૌત્રીને વધુ પડતા લાડ લડાવીને બગાડશો નહીં. અભ્યાસ બાબતે મમ્મી યા પપ્પા બાળકને ઠપકો આપે તો બાળકનું ઉપરાણું લઈને લડશો નહીં. કોઈ મા પોતાના પુત્ર યા પુત્રીનો દુશ્મન હોતું નથી. તમારી લાગણી તમારા આવેગોને કાબુમાં રાખજો. મોટાભાગના કૌટુંબિક ઝઘડાઓ દાદા-દાદીઓના વધારે પડતા લાડ ને કારણે થતા હોય છે. તો આ આવેગોને કાબુમાં રાખજો. તોજ તમારા પૌત્ર પૌત્રીના ભવિષ્યના દરવાજા ખુલી જશે. આ ઉપરાંત ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખજો. એકવાર એક સંત નદીના પૂરમાં ફસાઈ ગયા હતા. પૂરના પાણી ઝડપથી શહેરમાં ફરી વળ્યા હતા. સૌ પોતપોતાનો જાન બચાવવામાં વ્યસ્ત હતા. આ વખતે એક યુવકે આવીને સંતને કહ્યું જલ્દી મંદિરની બહાર નીકળો પૂરના પાણી વધી રહ્યા છે. સંતે કહ્યું મારો ઠાકોર મને બચાવશે તો ચાલ્યો જા. ત્યારબાદ પૂરના પાણી વધી જતા તેઓ મંદિરના શિખર પર ચડી ગયા. આથી એક હોડીવાળાએ સંતને વિનંતી કરી કે મહારાજ મારી હોડીમાં બેસી જાઓ હું તમને બચાવી લઉં. હોડીવાળાને સંતે કહ્યું મને તો મારો ઠાકોર જ બચાવશે. તું ચાલ્યો જા. ત્યારબાદ ધીમે ધીમે પાણી વધતા જ ગયા ચારે પાણી પાણી દેખાતું નથી એવા માં આકાશમાંથી એક હેલિકોપ્ટર દેખાયું. હેલિકોપ્ટર ના ચાલાકે સીડી નાખી બૂમ પાડી સંતને ઉપર આવવા કહ્યું. સંતે કહ્યું મારો ઠાકોર જ મને બચાવશે. આખી જિંદગી મેં મારા ઠાકોરની સેવા કરી છે તો મુશ્કેલીના સમયમાં મારો ઠાકોર જ આવીને મને બચાવશે તું ચાલ્યો જા ભાઈ. અંતે એ સંત નદીના પૂરમાં તણાઈને મૃત્યુ પામ્યા. અને સ્વર્ગમાં જઈ ફરિયાદ કરી કે હે ઠાકોર મેં તારી સેવા કરવામાં શું નથી કર્યું અને તું મને બચાવવા માટે આવ્યો જ નહી આવું કરવાનું. ત્યારે ઠાકોરે હસતા હસતા કહ્યું કોણે કહ્યું કે હું નથી આવ્યો. યાદ કર સૌપ્રથમ એક યુવક આવ્યો હતો તેં એને પાડી ત્યારબાદ હોડી વાળા ને પણ તે નકાર્યો. ત્યારબાદ હેલિકોપ્ટર વાળાને પણ તેં પાછો વાળ્યો. આ બધા જ સ્વરૂપમાં હું પોતે તને બચાવવા આવ્યો હતો. પણ તું મને ઓળખી શક્યો નહીં. એમાં મારો કોઈ વાંક નથી. અને સંતને સચ્ચાઈનું જ્ઞાન થયું. જો હોય શ્રદ્ધાનો વિષય તો પુરાવાની ત્યાં જરૂર છે??? ગીતામાં તો ક્યાંય કૃષ્ણ ભગવાનની સહી નથી. માટે ઈશ્વર પર શ્રદ્ધા રાખો. ઈશ્વર કોઈપણ સ્વરૂપે તમને મળી શકે છે. આ ઉપરાંત વડીલોએ સત કર્મ પણ કરતા રહેવું જોઈએ. કરેલું સત્કર્મ ક્યારેય પણ એળે જતું નથી. ત્યારબાદ તેમણે એક સરસ મજાની વાર્તા દ્વારા વડીલોને કઈ રીતે સાચવવા જોઈએ એ સરસ રીતે સમજાવ્યુ. એક યુવકે આપવીતી જણાવતા કહ્યું કે,

મારા પિતા વૃદ્ધ થઈ ગયા હતા અને ચાલતી વખતે તેમને દિવાલનો સહારો લેવો પડતો. પરિણામે તેઓ જ્યાં પણ સ્પર્શ કરતા હતા ત્યાં દિવાલોનો રંગ ઊતરી ગયો હતો અને તેમના ફિંગરપ્રિન્ટ્સ દિવાલો પર છપાઈ ગયા હતા. મારી પત્નીની નજર એ ફિંગરપ્રિન્ટ્સ પર પડી. તે પછી તે ગંદી દેખાતી દિવાલો વિશે ઘણીવાર મને ફરિયાદ કરતી રહેતી. એક દિવસ, પિતાજીને માથાનો દુઃખાવો થતો હતો, તેથી તેણે તેમના માથા પર થોડું તેલ માલિશ કર્યું. જેથી ચાલતી વખતે દીવાલોનો સહારો લેતાં દીવાલો પર તેલના ડાઘા પડી ગયા. આ જોઈને મારી પત્નીએ બૂમાબૂમ કરી મૂકી. અને બદલામાં મેં મારા પિતા પર બૂમો પાડી. તેમની સાથે અસંસ્કારી રીતે વાત કરી અને તેમને ચાલતી વખતે દિવાલોને સ્પર્શ ન કરવાની સલાહ આપી. તેમનું દિલ મારા આ વર્તનથી દૂભાયું પણ તેઓ કશું બોલ્યા નહીં. મને પણ મારા વર્તનથી શરમ આવી, પણ મેં કશું કહ્યું નહિ.તે પછી પિતાજી એ ચાલતી વખતે દીવાલોનો સહારો લેવાનું છોડી દીધું. એક દિવસ તેઓ ચાલતાં ચાલતાં પડી ગયા અને પથારીવશ થઈ ગયા. અને થોડા દિવસોમાં આ દુનિયા છોડીને ચાલ્યા ગયા.મેં મારા હૃદયમાં અપરાધની લાગણી અનુભવી. મેં તેમનું દિલ દૂભવ્યુ હતું તે ક્યારેય ભૂલી શક્યો નહીં, તેમના અવસાન માટે મારી જાતને માફ ન કરી શક્યો. થોડા સમય પછી, અમે અમારા ઘરને રંગરોગાન કરાવવા માંગતા હતા.તે માટે જ્યારે કારીગરો આવ્યા, ત્યારે મારા પુત્ર એ જે તેના દાદાને પ્રેમ કરતો હતો તેણે કારીગરો ને મારા પિતાના ફિંગરપ્રિન્ટ્સ સાફ કરવા અને તે વિસ્તારોને રંગવા ન દીધા.

કારીગરો ખૂબ સારા કલાકારો હતા. તેઓએ તેને ખાતરી આપી કે તેઓ મારા પિતાના ફિંગરપ્રિન્ટ્સ/હેન્ડપ્રિન્ટ્સને દૂર કરશે નહીં. તેમણે આ નિશાનોની આસપાસ એક સુંદર વર્તુળ દોર્યું અને એક સુંદર ડિઝાઈન બનાવી દીધી. તે પછી તે ડીઝાઈન એમ ને એમ જ રહી બલકે તે પ્રિન્ટ અમારા ઘરનો ભાગ બની ગઈ. અમારા ઘરની મુલાકાત લેનાર દરેક વ્યક્તિ અમારી એ અનન્ય ડિઝાઈનની પ્રશંસા કરતાં.

સમય સાથે હું પણ વૃદ્ધ થયો.

હવે મને પણ ચાલવા માટે દીવાલના સહારાની જરૂર પડવા લાગી. ચાલતી વખતે એક દિવસ મારા પિતાને મેં જે કઠોર શબ્દો કહ્યાં હતા તે યાદ આવ્યા.મેં આધાર વિના ચાલવાનો પ્રયાસ કર્યો. મારા પુત્રએ આ જોયું અને તરત જ મારી પાસે આવ્યો અને ટેકા વિના હું પડી ગયો હોત તેવી ચિંતા વ્યક્ત કરી અને મને ચાલતી વખતે દિવાલોનો ટેકો લેવા કહ્યું. મેં જોયું કે તે સાથે તેણે મને પકડી ને ટેકો આપ્યો.મારી પૌત્રી પણ તરત જ આગળ આવી અને પ્રેમથી મને તેના ખભા પર ટેકો આપવા કહ્યું. હું બહુ ભાવુક થઈ ગયો, મારી આંખોમાં ઝળઝળીયાં આવી ગયા. જો મેં મારા પિતા માટે પણ એવું જ કર્યું હોત, તો તેઓ લાંબા સમય સુધી જીવ્યા હોત.મારી પૌત્રીએ મને શાંત પાડ્યો અને મને સોફા પર બેસાડ્યો. પછી તેણે તેની ડ્રોઈંગ બુક કાઢી અને તેમાં તેના શિક્ષકે તેના ચિત્રની પ્રશંસા કરી હતી અને તેને ઉત્તમ ગ્રેડ આપ્યો હતો તે મને બતાવ્યું. તે ચિત્ર દિવાલો પર પડેલી મારા પિતાના હાથની છાપનું હતું. અને તેના પર રિમાર્ક લખી હતી. - "કાશ દરેક બાળક વડીલોને એ જ રીતે પ્રેમ કરે". હું મારા રૂમમાં પાછો આવ્યો અને ખૂબ રડી પડ્યો . મેં મારા પિતા પાસેથી માફી માંગી પરંતુ મોડું થઈ ગયું હતું. હવે તો તેઓ હયાત ન હતા.આપણે પણ સમય સાથે વૃદ્ધ થઈએ છીએ. ચાલો આપણા વડીલોનું ધ્યાન રાખીએ અને આપણા બાળકોને પણ એ જ શીખવીએ....

**દિલીપ વી ઘાસવાલા**



# ૪૦ ટકા જેટલું માતબર અધધ ભોજનનો હમેશા બગાડ થાય

આપણે લાંબો સમય ખોરાક વગર રહી શકતા નથી એક સર્વે મુજબ ખાલી આપણા ભારતની જ વાત કરીએ તો ૨૫ ટકા ભારતીયોને એક સમય ભોજન મળે છે બીજા સમયનું ભોજન એમના નસીબમાં નથી.આપની બહુ મોટી કમનસીબી છે કે તમને જાણીને નવાઈ લાગશે કે આપણે ત્યાં ૬૦ તક ખોરાકનો જ ભોજનમાં ઉપયોગ થાય છે ૪૦ ટકા જેટલું માતબર અધધ ભોજનનો હમેશા બગાડ થાય છે. એના સૌથી મોટા કારણોમાં સંગ્રહ ઉત્પાદન અને પરિવહનને કારણે આમ થાય છેખોરાક ઘરે આવ્યા પછી પણ એક વ્યક્તિ વરસમાં સરેરાશ ૫૦ કિલો અનાજનો બગાડ કરે છે આઝાદીના ૭૮ વરસ પછી પણ આપણે અનાજની જાળવણી માટે પુરતી વ્યવસ્થા કરી શક્યા નથી પુરતા ગોડાઉન કે યાર્ડની વ્યવસ્થા આપણી પાસે નથી કેટલીક વખત પશુઓ ઉંદરોને કારણે પણ અનાજ બગડે છે. વળી પાછું કુદરતી આફત કમોસમી વરસાદ માવઠા વાવાઝોડુંને કારણે પણ અનાજ બગડે છે . ઘણી જગ્યાઓ પર ખુલ્લામાં અનાજ રાખવામાં આવતું હોવાથી માવઠાને કારણે અનાજ ભીનું થઈ બગડી જાય છે વેપારીની દુકાનેથી નિયત ચોક્ક?સ સમયમાં ઘરાક સુધી અનાજ પહોંચવામાં વિલંબ થતા પણ અનાજનો બગાડ થાય છે આટઆટલી મુસીબતો અડચણો પાર કરી ખોરાક જયારે આપણી થાળીમાં આવે છે ત્યારે આપણે પણ ખોરાકનો જાણ્યેઅજાણ્યે બગાડ જ કરીએ છીએ જે અનાજના બગાડને સરવાળે બહુ વિશાળ બનાવે છે હવે દર વીક એન્ડમાં બહાર હોટલમાં જમવાની ફેશન થઈ ગઈ છે હોટલમાં આપણે આપણી મનગમતી વાનગીઓનો ઓર્ડર આપી દઈએ છે પછી વાનગીઓ આવતા ફટાફટ ખાવા માંડીએ છીએ થોડીવારમાં આપણું પેટ ભરી જાય છે . થાળીમાં જે ભોજન હોય છે એની પર આપણે નજર પણ નાખતા નથી સરવાળે એ બધો ખોરાક કચરાપેટીમાં જાય છે. દાઉદી વોહરા સમાજ દ્વારા ખોરાક ભોજનનો બગાડ અટકાવવા ખુબ જ પ્રશંસનીય અનુકરણીય પહેલ કરવામાં આવી છે.

ખાવાના શોખીન દાઉદી વોહરા સમાજ ઉર્ષ જન્મજયંતી રમજાન અને મોહરમ મહિના દરમિયાન સમૂહ ભોજન લેવામાં આવે છે . આટલી મોટી સંખ્યામાં લોકો સમુહ ભોજન લેતા હોય ત્યારે ખોરાકનો બગાડ સ્વાભાવિક છે . એઠું અથવા વધેલું ભોજન બગડી જાય એ ભોજન છેવટે કચરાપેટીમાં જાય છે .સમાજના આવા એક સમુહ ભોજન દરમિયાન દાઉદી વોહરા સમાજના સર્વોચ્ચ ધર્મગુરુ ૫૩ માં દાઈ આલી કદર આકા મૌલા મુફદ્દલ સૈફુદ્દીન સાહેબે ભોજનનો આવો બગાડ થતા જોઈ સાહેબે આવો બગાડ અટકાવવા અને તેનો યોગ્ય ઉપયોગ કરવા સમાજના લોકોને હાકલ કરી હતી .આદેશ મળતા દાઉદી વોહરા સમાજ જ્યાં જ્યાં વસે છે એ દરેક ગામો શહેરોમાં અનાજનો બગાડ અટકાવવા કમિટી બની ગઇ હજારો ખિદમતગુજારો તૈયાર થઈ ગયા. આ કમિટીને દાણા કમિટી નામ આપવામાં આવ્યું.તે પછી દાઉદી વોહરા સમાજના અને ખાનગી સમુહ ભોજન બાદ જે ખોરાક ખાવા લાયક હોય એને અલગ અલગ સારી રીતે પેક કરી શહેરના જરૂરિયાતમંદ લોકોને ફ્રી માં પહોચતું કરવામાં આવે છે દાખલા તરીકે કોઈના ત્યાં પ્રસંગમાં પ્રસંગ પતિ ગયા પછી વધેલા ભોજનનો નિકાલ એ ઘરના માણસો નહી દાણા કમિટી કરે છે .અહી ખાસ ઉલ્લેખ જરૂરી છે છે કે આ કમિટી જે ભોજન જરૂરિયાતમંદ સુધી પહોંચાડે છે એ એઠું અને ફેંકવા લાયક કે બગડી ગયેલું હોતું નથી કારણ કે દાઉદી વોહરા સમાજના નિયમ મુજબ આઠ વ્યક્તિઓ એક સાથે એક જ થાળમાં ભોજન લે છે. જેમણે જમવું હોય એને બે વાર થાળમાં જેમના લેતા પહેલા પૂછવામાં આવે છે અને સમાજના નિયમ મુજબ થાળમાં અનાજનો એક દાણો પણ પડ્યો હોય તો એ આઠેઆઠ વ્યક્તિઓ થાળમાંથી ઊભા થઈ શકતા નથી . એટલે તો દાઉદી વોહરા સમાજમાં ખોરાક એઠું મુકવાના ટકા ૦ છે.દાણા કમિટી જે ભોજન ખોરાક જરૂરિયાતમંદ સુધી પહોંચાડે છે એ તદન તાજુ અને ખાવાલાયક ગરમગરમ હોય છે . દાઉદી વોહરા સમાજના જે વ્યક્તિના ત્યાં સમુહ ભોજન હોય ત્યાં દાના કમિટીના મેમ્બરો પહોંચી જાય છે અને જે ભોજન બચે છે એ જરૂરિયાતમંદ સુધી પહોંચાડે છે.દાના કમિટીની આ સેવા ખીદમત એટલી લોકપ્રિય થઈ કે મોટા શહેરોમાં કોઈ આફત કે દુર્ઘટના થાય દાના કમિટીના મેમ્બરો ત્યાં પણ પહોંચી જાય છે . અને અસરગ્રસ્ત લોકોને ભોજન કરાવે છે. એમની આ નિસ્વાર્થ કામગીરી કાબિલે તારીફ છે. દાના કમિટી આપણી સેલ્યુટની સાચી હકદાર છે.દરેક સમાજ દાના કમિટીની જેમ ભોજનનો બગાડ થતા અટકાવે અને ભોજનનો વધારેમાં વધારે બગાડ થતો અટકાવે તો દેશના એક ખુબ મોટા વર્ગને ભોજનની જરૂરિયાત સંતોષવામાં ખુબ મોટી મદદ મળી રહે એમ છે.દરેક સમાજ દાના કમિટી જેમ કમિટી બનાવે અને યોગ્ય કાર્ય કરે તો સોનામાં સુગંધ ભળે.

**અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલા**

# સાફસફાઈના મહત્ત્વને આપણે ક્યારે સમજીશું?

ટ્રેનમાં યાત્રા કરતી વખતે આપણે જોઈએ છીએ કે કેટલાક અળવિતરા નાસ્તો કર્યા બાદ એની પ્લેટ, પ્લાસ્ટિક્સ અને ગ્લાસ બધું જ સીટની નીચે ફેંકતા હોય છે. એમ કરતાં કરતાં થોડા સમય બાદ એવું લાગે છે કે તેઓ કચરાના ઢગલા પર જ બેઠા હોય છે. એવે વખતે વિચાર આવે છે કે શું આ લોકોને સ્વચ્છતા અભિયાન જરાપણ સ્પર્શી નથી? આપણા પૂર્વજો પથ્થરયુગમાં માત્ર પથ્થરના માધ્યમથી પોતાની જરૂરિયાતો પૂરી કરતા હતા.ત્યારબાદ તો માનવ સભ્યતા અનેક વર્ષો બાદ અસ્તિત્વમાં આવી હતી. જોકે આવા લોકોના વર્તનને જોઈને લાગે છે કે આપણે હવે કચરા યુગમાં પહોંચી ગયા છીએ. રસ્તા, પાર્ક, બજાર, રેલ, કમ્પાર્ટમેન્ટ, બસ, નદી, સમુદ્ર, પહાડ દરેક ઠેકાણે કચરાનું સામ્રાજ્ય દેખાય છે. એને જોતા લાગે છે કે ગંદકી ફેલાવવામાં આપણે નંબર વન પર છીએ.જ્યાં ત્યાં કચરો ઠાલવવામાં આપણને કોઈ લાજ-શરમ નથી આવતી. આપણાં દેશમાં સારામાં સારી આઈઆઈટી અને આઈઆઈએમ છે. ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે વિદેશમાં ભણવા જઈએ છીએ. સારી રીતભાત અપનાવીએ છીએ, પરંતુ આપણી આસપાસ કચરો ફેલાવવામાં જરાપણ શરમ નથી અનુભવતાં. મોંઘી કારમાં બેઠા હોઈએ તો ખાલી ટિન, પેકેટ બધું રસ્તા પર ફેંકીએ છીએ. મનમાં



એમ વિચારીએ છીએ કે હાશ! કચરાથી છુટકારો તો મળ્યો.કચરો ફેંકવાની બાબતમાં આપણે બધા ભારતીયો એકસમાન છીએ. માણસ કેટલો પણ ભણેલો હોય કે પછી અશિક્ષિત વ્યક્તિ હોય, રસ્તા પર કચરો ફેકવામાં બન્નેનો સ્વભાવ એક સરખો જ છે. ચિપ્સ ખાધા પછી એના ખાલી પેકેટ જે આપણે રસ્તા પર ફેંકીએ છીએ એનાથી પર્યાવરણને કેટલું નુકસાન થાય છે એની તો આપણને કોઈ ચિંતા જ નથી. આપણી આ ગંદી ટેવને કારણે સાફસફાઈ કરતા કર્મચારીઓને પણ કેટલી તકલીફ થતી હોય છે એનો આપણને જરાપણ ખ્યાલનથી.આટલું જ નહી કચરાનો ઢગલો તો ક્યારેક લોકોના ઘરનું કે ઑફિસનું લેન્ડમાર્ક બની જાય છે. ઘણી વખત તો લોકો એડ્રેસ સમજાવતી વખતે એમ પણ કહે છે કે કચરાના ઢગલાવાળો આ રસ્તો નજીક પડે છે મોં પર રૂમાલ રાખીને આવજો.કહેવાય છે કે ‘સ્વચ્છતા ત્યાં જ પ્રભુતા.’ જોકે આપણે એ બાબતને ગંભીરતાથી નથી લેતાં. કોઈ બિલ્ડિંગની સીડીઓ ચડતી વખતે ત્યાં પાનની પિચકારીઓ જોવા મળે છે. થૂંકવાની મનાઈ છે એવા પોસ્ટર લગાવવા છતાં પણ લોકો એને અવગણે છે.ટીવી, સોશ્યલ મીડિયામાં પણ સ્વચ્છતા વિશે ઝુંબેશ ચલાવવામાં આવે છે. પર્યાવરણે પણ ખતરાની ઘંટડી વગાડી છે. આમછતાં લોકોને એની કોઈ કાળજી નથી. ઠેર-ઠેર પ્લાસ્ટિકનો કચરો પણ દેશ-દુનિયા માટે આફત છે. પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાની સલાહ વારંવાર લોકોને આપવામાં આવે છે.સરકાર એના પર કરોડો રૂપિયા ખર્ચી નાખે છે, પરંતુ આપણે એના પર ધ્યાન નથી આપતાં. રેકડી પરથી કેળા ખરીદીને ત્યાં ઊભા રહીને ખાઈને એની છાલને ત્યાં જ ફેંકી દઈએ છીએ. પાણી પીધા પછી પ્લાસ્ટિકની બોટલને પણ હવામાં ઉછાળીને ફેંકીએ છીએ. આપણા આવા બિનજવાબદારી ભર્યા વર્તનથી કેટલું નુકસાન થાય છે એની તો આપણે જરાપણ ચિંતા નથી કરતા.સમયસર જો આપણે નહી સુધરીએ તો આપણી આવી હરકત આવનારી પેઢીને શું બોધપાઠ આપશે?

# કાંગ કે કંગનીના સ્વાસ્થ્યવર્ધક લાભ

શ્રી અન્ન ભારતીયોમાં આજે ઘણાજ હોંશથી ખવાય છે. શ્રી અન્નમાં મોટા અનાજનો સમાવેશ થાય છે. જે સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી છે. જેવાં કે જુવાર, બાજરી, નાચણી, મકાઈ, કોદરી, જવ, મોરૈયો, રાજગરો તથા કાંગની ગણના તેમાં થાય છે. અંગ્રેજીમાં કહેવાતા ‘ફૉક્સટેલ મિલેટ’માં કાંગનો સમાવેશ થાય છે. વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશન દ્વારા વર્ષ ૨૦૨૩ને ‘મિલેટ વર્ષ’ તરીકે ઊજવવામાં આવ્યું હતું. કાંગને હિન્દીમાં ‘કંગની’ કહેવામાં આવે છે. વિવિધ રાજ્યોની અલગઅલગ ભાષામાં કાંગનું નામ જોઈએ. તેલુગુમાં કોરાલુ, તમિળમાં થીનાઈ, મલયાલમમાં થીના, સંસ્કૃતમાં પ્રિયાંગુ તરીકે ઓળખવામાં આવે છે. ઉત્તરાખંડમાં કાંગનો ઉપયોગ કરીને વિવિધ પારંપારિક વાનગીઓ બનાવવામાં આવે છે. તેને ‘ચીની બાજરા’ તરીકે ઓળખવામાં આવે છે. કાંગનો સમાવેશ ધરતી પરના સૌથી જૂના આખા અનાજમાં થાય છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ મિલેટ સ્ટડી દ્વારા પ્રાથમિક ધોરણે આપવામાં આવેલી જાણકારી મુજબ કાંગની ખેતી આંધ્ર પ્રદેશ, કર્ણાટકા, તેલંગાના, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તમિળનાડુ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશની સાથે ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં થતી જોવા મળે છે. મોટાં શહેરોમાં કરિયાણાની દુકાનમાં કાંગ સરળતાથી મળી જાય છે. પક્ષીઓને કાંગ અત્યંત પ્રિય છે. તમિળ સાહિત્યમાં ભગવાન મુરૂગા તથા તેમની અર્ધાંગિની વાલી સાથે કાંગની કથા જોડાયેલી મળે છે.

સૌ પ્રથમ કાંગની ખેતી ચીનની ખ્યાતનામ પીળી નદી ‘હ્વાંગ હો’ના કિનારે થતી જોવા મળી હતી. દેખાવે નાની અમથી કાંગ મસાલામાં વપરાતી પીળી રાઈ જેવી હોય છે.પોષક તત્ત્વોનાં ખજાનાની સાથે કાંગ હૃદય તથા પાચનતંત્રને મજબૂત બનાવવા માટે ઉપયોગી શ્રીઅન્ન કહેવાય છે. કાંગનો ઉપયોગ કરીને બનતી વાનગીમાં રોટલી, ખીર, ભાત, ઈડલી, દલિયા તથા મીઠાઈ વગેરે આવે છે. કાંગની ખીર સામે ચોખાની ખીર આપને ફિક્કી લાગે તેવી સ્વાદિષ્ટ બને છે.તેમાં ભરપૂર માત્રામાં પોષક તત્ત્વો સમાયેલાં છે. તેનો રંગ પીળાશ પડતો હોય છે. સ્વાદમાં હલકો મીઠો-તેમજ થોડો કડવાશ ધરાવતો હોય છે. તેનો ઉપયોગ ઘઉં-ચોખા કે જુવાર-બાજરીના લોટમાં ભેળવીને પણ કરી શકાય છે.કાંગમાં વિવિધ પ્રકારનાં પોષક તત્ત્વો તથા ખનીજ તત્ત્વોનો સમાવેશ થાય છે. જેવા કે મેગ્નેશ્યિમ, ફાઈબર, આર્યન, ફોસ્ફરસ, કૈરોટિન, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, કેલ્શિયમ, રાઈબોફ્લેવિન, થિયામિન. બાળકો તથા ગર્ભવતી મહિલા માટે તેનો આહારમાં સમાવેશ ગુણકારી ગણાય છે. પાચનશક્તિ મજબૂત બનાવવા માટે ફાયદાકારક ગણાય છે.હાડકાં મજબૂત બનાવે છે: કાંગમાં કેલ્શિયમની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. હાડકાંની મજબૂતાઈ જાળવી રાખવા માટે કેલ્શિયમથી સમૃદ્ધ આહાર લેવાની સલાહ નિષ્ણાત આહાર-તજજ્ઞો દ્વારા આપવામાં આવે છે. દાંતની તંદુરસ્તી માટે કાંગનો ઉપયોગ લાભકારક ગણાય છે.જ્ઞાનતંતુને મજબૂત બનાવવામાં લાભકારી (નર્વસ સિસ્ટમ): આહાર તજજ્ઞો કાંગનો ઉપયોગ આહારમાં વારંવાર કરવો જોઈએ તેમ ભારપૂર્વક જણાવે છે. જેથી મગજ સંબંધિત બીમારીથી બચી શકાય છે. કાંગનો ઉપયોગ આહારમાં નિયમિત કરવાથી મગજ સાથે જોડાયેલી બીમારી જેવી કે અલઝાઈમર કે પાર્કિન્સનથી રાહત મેળવી શકાય છે. એવી માહિતી મળે છે કે ૧૦૦ ગ્રામ બાફેલાં મિલેટમાં વિટામિન બી-૧ની માત્રા ૦.૫૯ મિલિગ્રામની આસપાસ જોવા મળે છે.ત્વરિત શક્તિ પ્રદાન કરે છે : સાત્ત્વિક ભોજન શરીરમાં ત્વરિત શક્તિ પ્રદાન કરે છે. જ્યારે જંક ફૂડ સ્વાદને સંતોષે છે. લાંબેગાળે શરીરને બીમારીની લપેટમાં ફસાવે છે. તેથી જ જંકફૂડને નકારીને સાત્ત્વિક આહાર તરફ લોકો પાછા ફર્યા છે. કાંગમાં આયર્ન, ફોસ્ફરસ, ડાયેટરી ફાઈબરની માત્રા વધુ હોય છે. તેથી વ્યક્તિ અશક્તિ અનુભવતી હોય કે માંદગીમાં હોય ત્યારે કાંગનો આહારમાં મર્યાદિત માત્રામાં ઉપયોગ આવશ્યક તેમજ લાભકારક ગણાય છે.વજનને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી : કાંગમાં ડાયેટરી ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. તેથી જ તેની ગણના કૉમ્પ્લેક્ષ કાર્બ્સમાં કરવામાં આવે છે. કૉમ્પ્લેક્ષ કાર્બ્સનું પાચન થતાં થોડો સમય લાગે છે. તેથી વધેલાં વજનને ઘટાડવામાં મદદ કરે છે.ડાયાબિટીસના દર્દીઓ માટે વરદાન સમાન : એક રિપોર્ટ પ્રમાણે કાંગનું સેવન ડાયાબિટીસના દર્દીઓ માટે આહારનો એક શ્રેષ્ઠ વિકલ્પ ગણવામાં આવ્યો છે. કેમ કે કાંગમાં ઍન્ટિ-ઑક્સિડન્ટ, ઍન્ટિ-ફંગલ, ઍન્ટિ-કૅન્સર અનાજમાં થાય છે. લોહીમાં શર્કરાનું પ્રમાણ નિયંત્રણમાં રાખવામાં મદદ મળી શકે છે. નેશનલ લાઈબ્રેરી ઑફ મેડિસિન દ્વારા કરવામાં આવેલાં સંશોધન મુજબ કાંગમાં સ્માર્ટ કાર્બોહાઈડ્રેટ હોય છે. તેનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઘણો ઓછો છે. ડાયાબિટીસના દર્દી તેનું સેવન કરે તો બ્લડશુગર નોર્મલ રાખવામાં મદદ મળે છે.પાચનતંત્ર સુધારવામાં ઉપયોગી : સતત બહારનું ભોજન આરોગવાથી કે ભોજન કસમયે લેવાથી વ્યક્તિનું પાચનતંત્ર નબળું પડી જાય છે. અનેક વખત એસિડીટી, છાતીમાં બળતરા, ખાટા ઓડકાર વગેરેનો વ્યક્તિ શિકાર બની જતી હોય છે.

## તંત્રી લેખ...-

ગુરૂવાર, તા.૨૪ એપ્રિલ ૨૦૨૫

# કાશ્મીરમાં આતંકનાં મૂળ કાપવાનો સમય

આતંકવાદના ખાત્મા માટે ભારતે તેનાં મૂળ પર પ્રહાર કરવો પડશે. માત્ર ઓપરેશન ક્લીન જેવાં સફાઈ અભિયાનથી વાત નહી બને. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ પાછળ જે પણ મૂળિયાં કામ કરી રહ્યાં છે, તેને કાપવાં જરૂરી છે. આતંકીઓએ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં નિઃશસ્ત્ર પર્યટકોને નિશાનો બનાવ્યા છે. આતંકીઓએ નામ પૂછીને બિનમુસ્લિમોને ગોળી મારી છે. અમરનાથ યાત્રા પહેલાં આ કાયરતાપૂર્ણ આતંકી હુમલો આ યાત્રામાં અડચણ નાખવાની કોશિશ છે. પવિત્ર અમરનાથ યાત્રા પર મોટાભાગના હિંદુઓ જાય છે. આ વખતે યાત્રા ૩ જુલાઈથી શરૂ થવાની છે. સરકાર બેશક જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ વિરુદ્ધ સખ્તાઈથી એક્શન લઈ રહી છે, સેના અને અન્ય સુરક્ષા દળો સંમિલિત રૂપે ઓપરેશન ક્લીન ચલાવી રહ્યા છે, ટેરર ફંડિંગના સ્રોતો પર પ્રહાર કરવામાં આવ્યો છે, અલગતાવાદીઓને સાઇડલાઈન કરાયા છે, તેમ છતાં ઘાટીમાં આતંકી હુમલા બંધ નથી થઈ શક્યા.

રાજ્યપાલ શાસન બાદ હવે એક નવી ચૂંટાયેલી સરકાર છે. જમ્મુ-કાશ્મીરને આતંકવાદ મુક્ત કરવું જરૂરી છે, તેના માટે સદીઓ સુધી રાહ ન જોઈ શકાય. એંસીના દાયકાથી આ રાજ્ય આતંકના કબ્જામાં હતું, ત્યાં પર્યટકો ડરી રહ્યા હતા. કાશ્મીરમાં આતંકવાદ પાછળ પાકિસ્તાનની સેના અને ગુપ્તચર એજન્સી આઈએસઆઈ સંડોવાયેલી છે, તેને દંતહીન-વિષહીન બનાવવી જરૂરી છે. ભારતે

આતંકના મદદગાર અને આતંકવાદમાં સામેલ જૂથો પર એક સાથે પ્રહાર કરવો પડશે. ભારત સાડા ચાર દાયકાથી આતંકવાદ વિરુદ્ધ લડી રહ્યું છે, આગળ ક્યાં સુધી લડતું રહેશે એ પણ ખબર નથી, પરંતુ એક મજબૂત વિકસિત રાષ્ટ્ર માટે જરૂરી છે કે દેશ પોતાના દુશ્મનોને આકરો પાઠ ભણાવે. હાલના વર્ષોમાં કાશ્મીરમાં આતંકવાદની એક પેટર્ન જોવા મળી છે, જેમાં બિનમુસ્લિમો પર જ હુમલા કરાય છે. ૨૦૨૨માં પણ શોપિયાં અને કુલગામમાં થયેલા આતંકી હુમલામાં પણ નામ પૂછીને ગોળી મારવામાં આવી હતી. મુંબઈ ૨૬/૧૧ આતંકી હુમલામાં પણ એવું જ જોવા મળ્યું હતું. આ સીરિયાઇ આતંકી જૂથ ઈસ્લામિક સ્ટેટની પદ્ધતિ હતી, જેને હવે પાકિસ્તાનના આતંકી જૂથ લશ્કર અને જૈશે પણ અપનાવી લીધી છે. પહેલગામમાં આતંકી હુમલાની જવાબદારી લશ્કરે તૈયબા સાથે જોડાયેલા આતંકી જૂથ ધ રેઝિસ્ટન્સ ફ્રંટ (ટીઆરએફ)એ લીધી છે. લશ્કર પાક સ્થિત આતંકી જૂથ છે, તેથી સ્પષ્ટ છે કે પહેલગામ હુમલામાં પાકિસ્તાનના આતંકી જૂથનો હાથ છે. કાશ્મીરમાં આટલી સુરક્ષા અને ઓપરેશન ક્લીન છતાં ટીઆરએફનું વજૂદ ચિંતા પેદા કરે છે. પહેલગામ આતંકી હુમલાના દોષીઓને છોડવા ન જોઈએ. ગૃહમંત્રી અમિત શાહે ઉચ્ચ સ્તરીય બેઠક કરી છે, સઉદી અરબની યાત્રા પર ગયેલા પીએમ નરેન્દ્ર મોદીએ અમિત શાહ સાથે વાત કરી છે, પરંતુ સવાલ એ પણ છે કે પર્યટનના મહિનામાં શું સરકાર પાસે આતંકી હુમલાની ગુપ્તચર માહિતી કે સીઆઈડી ઈનપુટ ન હતા? તમામ સુરક્ષા વચ્ચે મુઠ્ઠીભર આતંકીઓ આટલા મોટા આતંકી હુમલાને અંજામ આપવામાં કેવી રીતે સફળ થઈ જાય છે, તેમના સુધી ફંડ અને શસ્ત્રો કેવી રીતે પહોંચી રહ્યા છે? બહારથી તેમની ઘૂસણખોરી કેવી રીતે થઈ રહી છે? જો ટીઆરએફને સ્થાનિક મદદ મળી રહી હોય તેનો પણ પર્દાફાશ જરૂરી છે. હવે આતંકવાદ વિરુદ્ધ ઝીરો ટોલરન્સ માત્ર નીતિમાં જ નહી, પણ એક્શનમાં જરૂરી છે.

# આતંકી હુમલામાં પાકિસ્તાની હાથ

કાશ્મીરમાં આતંકવાદીઓએ ૨૫થી વધુ હિન્દુ પર્યટકની કરેલી કત્લેઆમના કારણે તમામ ભારતવાસીઓનું લોહી ઊકળી ઊઠયું છે. યુનાઈટેડ નેશન્સ અને ભારતની મુલાકાતે આવેલા અમેરિકાના નાયબ-પ્રમુખ વેન્સ, રશિયાના પુતિન સહિત વિશ્વના અનેક નેતાઓએ આતંકવાદના કરતૂતને વખોડીને મૃતકોના પરિવારો પ્રતિ હમદર્દી વ્યક્ત કરી છે-દરેક આતંકી હુમલા પછી આવી હમદર્દી વ્યક્ત થાય છે પણ તેથી શું? આતંકવાદીઓ જેના ખોળામાં બેઠા છે તે પાકિસ્તાન સામે સખત પગલાં-સખત હાથે લેવાની જરૂર છે. અમેરિકાના ટ્વીન ટાવર ઉપર આતંકી આક્રમણ પછી કોઈ હુમલા થયા નથી : ભારત ઉપર વારંવાર હુમલા અને આક્રમણ થાય છે. આપણે સર્જિકલ સ્ટ્રાઈકથી પાકિસ્તાની ખેરખાઓના નાક કાપ્યાં છે, પણ હવે માથાં કાપવાની જરૂર છે : માથાં ભલે ૧૦ હોય કે તમામનો અંત લાવવાનો સમય પાકી ગયો છે. આતંકવાદનો ભોગ-શિકાર બનેલા આત્માઓને શાંતિ તો જ મળશે. પહેલગામની ઘટના પછી ગૃહપ્રધાન અમિત શાહ શ્રીનગર પહોંચ્યા અને વડાપ્રધાન મોદી સાઉદી અરબની મુલાકાત અધૂરી મૂકીને નવી દિલ્હી પાછા ફર્યા છે. આતંકવાદીઓનો બદલો લેવા અંગે આપણે ગંભીર છીએ તે સ્પષ્ટ છે, પણ બદલાની કાર્યવાહીમાં આશ્ચર્ય અનિવાર્ય છે. સર્જિકલ સ્ટ્રાઈકના પુનરાવર્તનને બદલે 'નવો પાઠ' ભણાવવાનો નિર્ણય લેવાયો છે, જેમાં પાકિસ્તાનીઓની વિઝા રદ, અટારી-વાઘા સીમા ચોકી બંધ કરવી, રાજદ્વારી કચેરીઓમાં સ્ટાફ ઘટાડીને ૩૦નો રાખવા ઉપરાંત સિંધુ જળસંધિ તાત્કાલિક અસરથી રદ કરવાનો સમાવેશ થાય છે. પગલાંઓનો આ પહેલો તબક્કો છે. આતંકનો અંત આણવા સૈન્યને ખુલ્લી છૂટ અપાઇ છે જે આગળ જતાં મોટા પરાક્રમમાં પરિણમશે એવા સંકેત સમજી શકાય. આતંકવાદીઓનાં થાણાં - પાકિસ્તાનમાં અને તેના કબજા હેઠળના કાશ્મીરમાં સલામત છે અને તાલીમ માટે સક્રિય હોવાનું જણાય છે. સરહદ ઉપર ૭૭૮ કિ.મી. લાંબી વાસ્તવિક અંકુશ રેખા ઉપર આપણી સેનાનો કડક જાપ્તો હોવાથી આતંકવાદીઓની ઘૂસણખોરીના પ્રયાસ નાકામિયાબ થાય છે. ગયાં વર્ષે ઘૂસણખોરીના ૧૦ પ્રયાસમાં ૨૫ આતંકવાદી ઠાર થયા હતા તે પછી અન્ય માર્ગ વપરાતા હોવાનું જણાયું છે. છેલ્લાં બે વર્ષ દરમિયાન ૧૪૪ આતંકવાદી ઠાર થયા પછી પાકિસ્તાને લશ્કર-એ-તોયબાને નવેસરથી તાલીમ આપી છે અને કાશ્મીર સાથે ભારતમાં અત્યારની સ્થિતિનો લાભ લેવા હુમલો કરાવ્યો છે. પર્યટકો ઉપર આવા હુમલા કરવા માટે બે-ત્રણ આતંકવાદીની જરૂર હોય અને ભારતને નુકસાન વધુ થાય - વિશ્વનું ધ્યાન ખેંચી શકાય, પણ આવું ધ્યાન ખેંચીને પાકિસ્તાને પોતાની આતંકવાદી છાપ સાબિત કરી છે! તેથી હવે ભારત જવાબી કાર્યવાહી કરે તો અને ત્યારે પાકિસ્તાનની કાગારોળ સાંભળવા કોઈ તૈયાર નહીં હોય. હત્યારાઓએ સંદેશ-ધમકીનો પડકાર આપ્યો છે-જાવ, તમારા મોદીને કહેજો-હવે મોદી ભારતવતી 'જવાબ' જરૂર આપશે. આતંકી હત્યારાઓ લશ્કર-એ-તોયબાના છે, પણ એમની પાછળ પાકિસ્તાની સેના છે એ સૌ કોઈ જાણે છે. પાકિસ્તાની સેનાના વડા જનરલ આસીમ મુનીરે હજુ બે-ચાર દિવસ પહેલાં જ કાશ્મીરનું ગાણું ગાયું હતું : કાશ્મીર તો ઈસ્લામાબાદના ગળાની ધોરી નસ છે- આપણે ભૂલશું નહીં. આપણી કાશ્મીરી ભાઈઓની લડતમાં આપણો સાથ છે... આ ચેતવણી-ધમકી હતી અને તેનો અમલ કર્યો છે. વાસ્તવમાં પાકિસ્તાન 'બેબસ' છે. એક બાજુ બલૂચિસ્તાની લોકો પાકિસ્તાનની આખી ટ્રેન હાઈજેક કરી જાય છે અને પાકિસ્તાની સેનાને પડકારે છે તો બીજી બાજુ પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં લોકો બગાવત કરી રહ્યા છે. ભૂતકાળમાં પૂર્વ પાકિસ્તાન જેવી હાલત છે. ત્યારે ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ કહે છે કે, પાકિસ્તાન સામે બળવો કરીને કાશ્મીરીઓ ખુદ ભારતમાં જોડાવા તૈયાર થઈ રહ્યા છે!

### શ્રીમદ્ભગવદ્ગીતા પોતાની રીતનું એકમાત્ર એવું જ્ઞાન છે

# ભારતીય જ્ઞાન પરંપરાનો વૈશ્વિક પડઘો

ભારતની સમૃદ્ધ બૌદ્ધિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પરંપરાઓ તેની ચિરંતન વિશિષ્ટતાની દ્યોતક રહી છે, જેણે ન માત્ર આ ઉપમહાદ્વીપની અંદર, પરંતુ સંપૂર્ણ વિશ્વમાં ચિંતન એ વ્યવહારના વિવિધ સ્તરોને પ્રભાવિત કર્યા છે. ભારતીય યોગ આજે 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ના માધ્યમથી સંપૂર્ણ વિશ્વ માટે એક અનુપમ આરોગ્ય-વિધાન બનીને પ્રતિષ્ઠિત થઈ ચૂક્યો છે, ત્યાં જ આપણા પર્વ-તહેવાર અને વિભિન્ન સાંસ્કૃતિક પરંપરાઓ નિરંતર રૂપે વિશ્વને આકર્ષિત કરી રહી છે. આ જ ક્રમમાં ગત દિવસોમાં 'સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંગઠન' (યુનેસ્કો) દ્વારા ભારતના બે મહાન ગ્રંથો - શ્રીમદ્ભગવદ્ગીતા અને ભરતમુનિ કૃત નાટ્યશાસ્ત્રને વિશ્વ સ્મૃતિકોષ (મેમરી ઓફ વર્લ્ડ રજિસ્ટર)માં સામેલ કરવાની ઘોષણા કરવામાં આવી. યુનેસ્કોની આ ઘોષણા ભારત માટે એક સાંસ્કૃતિક ઉપલબ્ધિ જ નહીં, તેની પ્રાચીન જ્ઞાન પરંપરાની આંતરરાષ્ટ્રીય સ્વીકૃતિનો ઘોષ પણ છે. આ સ્વીકૃતિ ભૂતકાળની સ્મૃતિને પુષ્ટ કરવાની સાથે વર્તમાન અને ભવિષ્ય માટે બૌદ્ધિક-સાંસ્કૃતિક પ્રેરણાનો સ્રોત પણ બનશે.

ગીતા જીવનના મૂળ પ્રશ્નો પ્રત્યે એક વ્યાપક દષ્ટિકોણ પ્રસ્તુત કરે છે. રાષ્ટ્રકવિ રામધારી સિંહ 'દિનકર'એ પોતાના પુસ્તક 'સંસ્કૃતિના ચાર અધ્યાય'માં લખ્યું છે, 'સાંસ્કૃતિક સમન્વયના ઈતિહાસમાં ભગવાન કૃષ્ણનું ચરમ મહત્ત્વ એ છે કે ગીતા દ્વારા તેમણે ભાગવતોની ભક્તિ, વેદાંતના જ્ઞાન અને સાંખ્યના ગૂઢ-સૂ-મ દર્શનને એકાકાર કરી દીધું.' માત્ર ગીતા પ્રેસે જ અત્યાર સુધી તેની ૧૬.૨૧ કરોડ નકલોનું વેચાણ થઈ ચૂક્યું છે. અન્ય પ્રકાશકોના વેચાણના હજુ કોઈ આંકડા ઉપલબ્ધ નથી. આ ગ્રંથ મહાભારતના ભીષ્મ પર્વનું એક અવિભાજ્ય અંગ હોવા છતાં પણ સ્વતંત્ર રૂપે એક એવી દાર્શનિક કૃતિ રૂપે પ્રતિષ્ઠિત થયું છે, જે કર્મ, ધર્મ, આત્મા અને મોક્ષ જેવા ગૂઢ પ્રશ્નોનો જવાબ અત્યંત ગહન, પરંતુ સારગર્ભિત શૈલીમાં આપે છે. અર્જુન અને શ્રીકૃષ્ણ વચ્ચે થયેલો સંવાદ ન માત્ર યુદ્ધભૂમિની નૈતિક દુવિધાઓનું સમાધાન પ્રસ્તુત કરે છે, પરંતુ વર્તમાન મનુષ્યના અંતર્દ્વંદ્વોને પણ આલોકિત કરે છે. આ ગ્રંથ યથાર્થ સમક્ષ સંયમ, વિવેક અને કર્તવ્યબોધને આત્મસાત કરવાનું માર્ગદર્શન કરે છે. આ કારણે તે માત્ર ધાર્મિક આસ્થાનું કેન્દ્ર જ નહીં, બલ્કે વૈશ્વિક બૌદ્ધિક વિમર્શમાં એક સ્થાયી સંદર્ભ બિંદુ પણ છે.

શ્રીમદ્ભગવદ્ગીતા પોતાની રીતનું એકમાત્ર એવું જ્ઞાન છે જે યુદ્ધભૂમિની વચ્ચે પ્રગટ થયું હતું. આ ભારતીય સંસ્કૃતિની એ સર્જનધર્મી ચેતનાનું પ્રમાણ છે, જે મહાનાશમાં પણ નિર્માણનાં બિંદુઓનું સંધાન કરી લે છે. આ જ્ઞાને મહાભારત યુગમાં કિંકર્તવ્યમૂઢ અર્જુનને જ માર્ગ નથી દેખાડ્યો, બલ્કે આધુનિક યુગમાં સ્વાધીનતા સંગ્રામના ગાંધી, તિલક, સાવરકર વગેરે નાયકોનું પણ પથ-પ્રદર્શન કર્યું છે. ગાંધીજી ગીતા પ્રત્યે અપાર શ્રદ્ધા ધરાવતા હતા. તેમણે લખ્યું છે, 'જ્યારે શંકા મને પરેશાન કરે છે, જ્યારે નિરાશાઓ મને ઘેરી વળે છે અને જ્યારે મને ક્ષિતિજ પર પ્રકાશનું એક પણ કિરણ દેખાતું નથી, ત્યારે હું ગીતા તરફ વળું છું અને મને સાંત્વના આપનારો કોઈ શ્લોક શોધી લઉં છું અને હું ભારે દુઃખ વચ્ચે પણ સ્મિત કરવા લાગું છું.'

ભરતમુનિ કૃત નાટ્યશાસ્ત્રની વાત કરીએ તો આ ભારતીય કલાત્મક પરંપરાનું પ્રાચીનતમ અને સૌથી સુવ્યવસ્થિત ગ્રંથ છે, જે માત્ર રંગમંચ અને પ્રદર્શન કળાઓના ટેકનિકલ આયામો સુધી સીમિત ન રહીને, એક સમગ્ર સાંસ્કૃતિક અને સૌંદર્યશાસ્ત્રીય વિમર્શ પ્રસ્તુત કરે છે. ભરતમુનિ દ્વારા રચિત આ ગ્રંથ ભારતીય 'રસ સિદ્ધાંત'નો પાયો ઘડે છે, જેના માધ્યમથી કળાને માત્ર મનોરંજનનું સાધન નહિ માનીને લોકકલ્યાણ, આધ્યાત્મિક ઉન્નયન અને સામાજિક સંતુલનનું સાધન માનવામાં આવ્યું છે. એમાં ઉલ્લેખિત તત્ત્વો - નાટ્ય, નૃત્ય, વાચિક, આંગિક, સાત્વિક અને આહાર્યએ ભારતીય જ નહીં, બલ્કે વિશ્વકલાઓને પણ ઊંડાણથી પ્રભાવિત કરી છે. આ ગ્રંથ આ દૃષ્ટિએ વિશિષ્ટ છે કે તેમાં સૌંદર્યના સૈદ્ધાંતિક પ્રિતમાનોને સમાજ અને મનોવિજ્ઞાનની અંતઃક્રિયાની સાથે પ્રસ્તુત કરવામાં આવ્યું છે, જેનાથી તેની પ્રાસંગિકતા સુનિશ્ચિત થાય છે.

આ બંને ગ્રંથોનું યુનેસ્કો દ્વારા વૈશ્વિક સ્મૃતિકોષમાં સામેલ ભારતીય જ્ઞાન પરંપરાની એ નિરંતરતાનું પ્રમાણ છે, જેને શતાબ્દીઓ સુધી મૌખિક અને લિપિબદ્ધ રૂપે સુરિક્ષત રાખવામાં આવ્યું. આ સંમિલનનો અર્થ માત્ર સંરક્ષણ નહીં, પરંતુ પુનર્પાઠ છે. એક એવો પુનર્પાઠ, જે આધુનિક વિશ્વને ભારતીય ચિંતનના ઊંડાણ, નૈતિકતા, સૌંદર્યબોધ અને જીવન-દર્શનથી પરિચિત કરાવવામાં સમર્થ છે. એમ કહેવું સમીચીન રહેશે કે શ્રીમદ્ભગવદ્ગીતા અને નાટ્યશાસ્ત્રનું યુનેસ્કો દ્વારા વૈશ્વિક સ્મૃતિકોષમાં સંમિલિત કરવું ભારતીય જ્ઞાન પરંપરાનો વૈશ્વિક પડઘો છે. આ એક એવી સાંસ્કૃતિક ક્ષણ છે, જે આપણા અતીત, વર્તમાન અદ્ધે ભવિષ્ય વચ્ચે સંવાદનો એક પુલ બનાવે છે. આ ઘટના એક પ્રકારે ભારતના એ સાંસ્કૃતિક આત્મબોધની પુનરાવૃત્તિ છે, જે ઉપનિવેશી કાળમાં દબાઈ ગઈ હતી. હવે જ્યારે વૈશ્વિક મંચ પર આપણા ગ્રંથોને એ માન્યતા પ્રાપ્ત થઈ રહી છે, જેના તે વાસ્તવમાં અધિકારી છે, ત્યારે આ અવસર આપણને એ વાતનુ સ્મરણ કરાવે છે કે ભારતીય જ્ઞાન પરંપરા માત્ર ભૂતકાળનો વારસો જ નથી, બલ્કે ભવિષ્યની દિશા પણ છે. આ સન્માન માત્ર ગૌરવનો વિષય નહીં, આ પ્રેરણાનું વાહક પણ છે કે આપણે આપણા આ ગ્રંથોનો ન માત્ર આદર કરે, પરંતુ તેમાં સમાયેલ વિચારોને સમકાલીન સંદર્ભોમાં જીવંત બનાવવાની ચેષ્ટા પણ કરે. આ જ પ્રક્રિયા આપણી સંસ્કૃતિને ગતિશીલ રાખતાં વૈશ્વિક વિમર્શમાં તેની ભૂમિકાને સશક્ત કરશે.

### રાહુલ ગાંધીની નાગરિકતા પર સવાલ ઉઠાવતી એક અરજી સુપ્રીમ કોર્ટ બહુ પહેલાં જ ફગાવી ચૂકી છે.

# રાહુલ વિદેશી નાગરિક છે એવું સાબિત કોણ કરે?

### ગૃહ મંત્રાલયે સ્ટેટસ રિપોર્ટ રજૂ કર્યો પણ હાઈ કોર્ટે તેને યોગ્ય માન્યો નથી

કૉંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી ભારતીય નાગરિક છે કે નહીં એ મુદ્દો પાછો ચર્ચામાં છે કેમ કે અલ્હાબાદ હાઈ કોર્ટની લખનઊ કેન્દ્ર સરકારને ૧૦ દિવસમાં જવાબ આપવા કહ્યું છે. ભાજપ કાર્યકર વિગ્નેશ શિશિરે સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને દાવો કર્યો છે કે, રાહુલ ગાંધી ભારતીય નહીં પણ બ્રિટિશ નાગરિક છે તેથી તેમને સાંસદ તરીકે ગેરલાયક ઠેરવવા જોઈએ અને તેમની સામે ખોટું બોલવા બદલ કાનૂની કાર્યવાહી કરવી જોઈએ. આ કેસ લગભગ છ વર્ષથી ચાલે છે ને સુપ્રીમ કોર્ટે પહેલાં કેન્દ્રના ગૃહ મંત્રાલયને આ મુદ્દે તપાસ કરવા પણ કહેલું.

ગૃહ મંત્રાલયે સ્ટેટસ રિપોર્ટ રજૂ કર્યો પણ હાઈ કોર્ટે તેને યોગ્ય માન્યો નથી કેમ કે ગૃહ મંત્રાલયે યુકે સરકાર પાસે આ અંગે સ્પષ્ટતા માગી હતી. યુકે સરકારે હજુ જવાબ આપ્યો નથી એવો જવાબ ગૃહ મંત્રાલયે રજૂ કર્યો પણ હાઈ કોર્ટે અસંતોષ વ્યક્ત કરીને કેન્દ્ર સરકારને વધુ સ્પષ્ટ જવાબ આપવાનું ફરમાન કર્યું છે કે, આ મામલો રાષ્ટ્રીય મહત્ત્વનો છે અને તેમાં વિલંબ ચલાવી લેવાય નહીં. હાઈ કોર્ટના વલણને પગલે કેન્દ્ર સરકારે જવાબ આપવા માટે વધારાનો સમય માગ્યો પછી હાઈ કોર્ટે આગામી સુનાવણી પાંચ મેના રોજ થશે એવું જાહેર કર્યું છે પણ કેન્દ્ર સરકારને આ વખતે ચોક્કસ જવાબ સાથે આવવા પણ તાકીદ કરી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલય આ વખતે શું જવાબ લઈને હાજર થાય છે એ જોવાનું છે પણ આ મુદ્દે જે ઘમ્મરવલોણું ચાલી રહ્યું છે એ જોયા પછી એટલું ચોક્કસ કહી શકાય કે, ભારતમાં નવરા લોકોની કમી નથી અને આપણી અદાલતોને પણ કેસોનો નિકાલ કરવા કરતાં વધારે રસ આવા નવરા લોકોને પોષવામાં અને તેમની ફાલતુ વાતોમાં પડે છે. રાહુલ ગાંધી ભારતીય નાગરિક છે કે નહીં એ મુદ્દો મહત્ત્વનો છે તેનો ઈન્કાર ના થઈ શકે પણ આ મુદ્દો ચ્યુંઈગ ગમની જેમ લંબાયા કરે છે એ કઠે છે. છેલ્લાં ૬ વર્ષથી રાહુલ ગાંધી ભારતીય નાગરિક નથી એવા દાવા થાય છે પણ એ સાબિત કરવાના કોઈ પુરાવા રજૂ કરાતા નથી. ૨૦૧૯માં પહેલી વાર અરજી થઈ ત્યારથી આ ખેલ ચાલ્યા કરે છે.

રસપ્રદ વાત પાછી એ છે કે, રાહુલ ગાંધીની નાગરિકતા પર સવાલ ઉઠાવતી એક અરજી સુપ્રીમ કોર્ટ બહુ પહેલાં જ ફગાવી ચૂકી છે. એ વખતે ગૃહ મંત્રાલયને રાહુલની નાગરિકતાના મામલાની તાત્કાલિક તપાસ કરવા આદેશ આપવા વિનંતી કરાઈ હતી. રાહુલ ગાંધી બ્રિટનના કોઈ કંપનીમાં ભાગીદાર છે અને આ કંપની દ્વારા બ્રિટિશ સરકારમાં રજૂ કરાયેલા સત્તાવાર દસ્તાવેજોમાં રાહુલ ગાંધી બ્રિટનના નાગરિક છે એવું કહેવાયું હોવાના દાવા સાથે રાહુલને સંસદસભ્યપદેથી ગેરલાયક ઠેરવવા અરજી કરાઈ હતી.

ભાજપે જેમને પછીથી રાજ્યસભાના સભ્ય બનાવ્યા એ તત્કાલિન ચીફ જસ્ટિસ રંજન ગોગોઈની આગેવાની હેઠળની બેન્ચે આ અરજી ફગાવી દીધી હતી. જસ્ટિસ ગોગોઈએ આ ચુકાદો આપતાં કહ્યું હતું કે કોઈ કંપની રાહુલ ગાંધીને એક ફોર્મમાં બ્રિટિશ નાગરિક જાહેર કરે તેનો અર્થ એ નથી કે તેઓ બ્રિટિશ થઈ ગયા છે. રાહુલની બ્રિટિશ નાગરિકતા માટે નક્કર પુરાવા જોઈએ અને એક ફોર્મ આ પુરાવો ના બની શકે.

સુપ્રીમ કોર્ટે આ અરજી ફગાવી એ પછી નહેરૂ-ગાંધી ખાનદાન અને નરેન્દ્ર મોદી બંનેની પાછળ હાથ ધોઈને પડેલા ડો. સુબ્રમણ્યમ સ્વામીએ ગયા વરસે પાછી દિલ્હી હાઈ કોર્ટમાં અરજી કરી હતી. સુબ્રમણ્યમ સ્વામીએ દિલ્હી હાઈ કોર્ટમાં કરેલી અરજીમાં માગણી કરી હતી કે, હાઈ કોર્ટ ગૃહ મંત્રાલયને રાહુલની ભારતીય નાગરિકતા રદ કરવા માટે આદેશ આપે. સુબ્રમણ્યમ સ્વામીનું કહેવું હતું કે, તેમણે પાંચ વર્ષ પહેલાં એટલે કે ૨૦૧૯માં રાહુલ ગાંધીની નાગરિકતા અંગે ગૃહ મંત્રાલયને ફરિયાદ કરી હતી. હજુ સુધી ગૃહ મંત્રાલયે આ મુદ્દે કશું કહ્યું નથી કે શું પગલાં લીધાં છે તે સ્પષ્ટ નથી કર્યું. આ સંજોગોમાં રાહુલની નાગરિકતા રદ કરવા માટે હાઈ કોર્ટે આદેશ આપવો જોઈએ.દિલ્હી હાઈ કોર્ટમાં આ મુદ્દો અટવાયેલો છે ત્યાં ૨૦૨૪ની ચૂંટણીમાં રાહુલ ગાંધી લોકસભાની રાયબરેલી બેઠક પરથી જીતી ગયા એટલે પાછી રાહુલની નાગરિકતા સામે શંકા કરતી નવી અરજી થઈ ગઈ. ૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ કર્ણાટકના વકીલ અને ભાજપના નેતા એસ વિગ્નેશ શિશિરે અલ્હાબાદ હાઈ કોર્ટમાં અરજી કરીને રાહુલ ગાંધી પાસે બ્રિટિશ નાગરિકતા હોવાનો આક્ષેપ મૂક્યો હતો. વિગ્નેશે ૨૦૨૨માં બ્રિટિશ સરકારના એક ગુપ્ત મેઈલનો ઉલ્લેખ કરીને આ આક્ષેપ મૂકીને ભારતીય નાગરિકતા અધિનિયમ, ૧૯૫૫ની કલમ ૯(૨) હેઠળ રાહુલ ગાંધીની ભારતીય નાગરિકતા રદ કરવાની માગ કરી હતી.અરજીમાં રાહુલ ગાંધીએ બ્રિટિશ નાગરિકતા છુપાવી હોવાથી રાયબરેલી લોકસભા બેઠક પરથી ચૂંટણી રદ કરવાની માગ કરવામાં આવી હતી. અરજદારે દલીલ કરી છે કે તેમની પાસે બ્રિટિશ સરકારના બધા દસ્તાવેજો અને કેટલાક ઈમેઈલ્સ છે જે સાબિત કરે છે કે રાહુલ ગાંધી બ્રિટિશ નાગરિક છે તેથી ભારતમાં ચૂંટણી લડવા માટે અયોગ્ય છે.હાઈ કોર્ટે તાત્કાલિક આ મામલો હાથ પર લીધો અને પચીસ નવેમ્બર, ૨૦૨૪ના રોજ હાઈ કોર્ટે ગૃહ મંત્રાલયને આદેશ આપેલો કે, ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં રાહુલ ગાંધીની નાગરિકતા રદ કરવાની અરજી પર નિર્ણય લો. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ સુનાવણી થઈ ત્યારે ગૃહ મંત્રાલયે જવાબ રજૂ કરવા માટે ૮ અઠવાડિયાનો સમય માંગ્યો હતો. આ સમય પણ પૂરો થઈ ગયો અને ભારત સરકારે યુકે સરકારનો સંપર્ક પણ કર્યો છે પણ હજુ સુધી ત્યાંથી કોઈ જવાબ આવ્યો નથી.આ જવાબ ક્યારે આવશે એ ખબર નથી પણ હાઈ કોર્ટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને ધંધે લગાડી દીધું છે. હાઈ કોર્ટનું આ વલણ વિચિત્ર છે. ખરેખર તો જેણે આક્ષેપ મૂક્યો છે કે, રાહુલ ગાંધી ભારતીય નાગરિક નથી તેણે તેના પુરાવા રજૂ કરીને આ વાત સાબિત કરવાની હોય. ગૃહ મંત્રાલય શું કરવા આ બધી મગજમારીમાં પડે? વિગ્નેશનો દાવો છે કે, તેની પાસે પૂરતા પુરાવા છે. હાઈ કોર્ટે આ કહેવાતા પુરાવા નક્કર છે કે નહીં એ નક્કી કરવાનું હોય ને તેના આધારે કેસનો નિવેડો લાવવાનો હોય. ભૂતકાળમાં સુપ્રીમ કોર્ટે એ જ કરેલું ને અત્યારે પણ એ જ શ્રેષ્ઠ રસ્તો છે. તેના બદલે હાઈ કોર્ટ ગૃહ મંત્રાલયનો સમય બગાડી રહી છે.

### ભારતનો અમેરિકા સાથે દ્વિપક્ષીય વેપાર વધી રહ્યો છે.

# ભારત ચીનનો વિકલ્પ બની શકે

### ચીનથી ઓછું જોખમ ઇચ્છતી અમેરિકી કંપનીઓ માટે ભારત રાજકીય વિશ્વસનીયતા અને વાણિજ્યિક સુવિધાનો વાયદો કરે છે.

ચીન પર અમેરિકા દ્વારા ટેરિફ થોપવાનો નિર્ણય વૈશ્વિક ાર્થિક રણનીતિમાં મહત્ત્વપૂર્ણ બદલાવનો સંકેત છે, પરંતુ ભારત તેનો લાભ ઉઠાવી શકે છે. ખાસ કરીને ઉચ્ચ ટેકનિકલ અને બીજા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં બેજિંગ પર પોતાની નિર્ભરતા ઓછી કરવી જ વોશિંગ્ટનનો ઉદ્દેશ્ય છે અને એ જ આખા એશિયામાં વૈશ્વિક પૂરવઠા શ્રૃંખલાના પુનર્ગઠનનું કારણ બની રહ્યું છે. આ પુનર્ગઠન ભારતને દુનિયા માટે કેન્દ્રીય વિનિર્માણ મહાશક્તિ રૂપે ખુદને ફરીથી સ્થાપિત કરવાનો સ્વર્ણિક મોકો પ્રદાન કરે છે.

જેમ જેમ ભૂરાજકીય તણાવ વધી રહ્યા છે, ખાસ કરીને હિંદ-પ્રશાંતમાં ચીનથી અમેરિકાનો આર્થિક અલગાવ પણ તેજ થઈ રહ્યો છે.ભારત પોતાના વિશાળ યુવા કાર્યબળ, સુધરતા બુનિયાદી માળખા અને રણનીતિક પ્રોત્સાહનોના દમ પર વૈશ્વિક ઉત્પાદન નેટવર્કનો વિશ્વસનીય વિકલ્પ બનવાની ક્ષમતા ધરાવે છે. ચીનના ઈલેક્ટ્રીક વ્હીકલ (ઈવી), ઈવી બેટરી અને સેમીકંડક્ટર પર ટેરિફ ૭ થી ૨૫ ટકાના બદલે લગભગ પચાસથી સો ટકા કે તેનાથી વધારે કરવા પાછળ ટ્રમ્પ પ્રશાસનનો માત્ર સંરક્ષણવાદ નથી, તે આર્થિક રૂપે વ્યવહારુ અને રાજકીય રૂપે વિશ્વસનીય મનાતા ભાગીદારો તરફ એ સુનિયોજિત ઝોક પણ છે અને ભારત તેમાં બિલકુલ ફિટ બેસે છે. ભારતે પણ આ બદલાવને જોતાં ગહન માળખાગત સુધારા અને લિક્ષત પ્રોત્સાહન યોજનાઓ દ્વારા વૈશ્વિક વિનિર્માણ કેન્દ્ર રૂપે ઉભરવા માટે આધાર તૈયાર કરી લીધો છે.

૧.૯૭ લાખ કરોડ રૂપિયાના ખર્ચવાળી ઉત્પાદન સાથે જોડાયેલી પ્રોત્સાહન (પીએલઆઇ) યોજના ઈલેક્ટ્રોનિક્સ અને ઓટો ઘટકોથી માંડીને ફાર્માસ્યુટિકલ્સ તથા સૌર મોડ્યુલ્સ જેવા ૧૪ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં ફેલાયેલી છે. ભારતનું ઈલેક્ટ્રોનિક ઉત્પાદન ૨૬.૬ ટકા વૃદ્ધિ સાથે ૨૯.૧ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે. એપલે ભારતમાં આઈફોન ઉત્પાદનમાં નાટકીય રૂપે વૃદ્ધિ કરી છે, જે ૨૦૨૦ના વૈશ્વિક ઉત્પાદનના એક ટકાથી વધીને ૨૦૨૬ સુધી ૨૫ ટકા થવાની આશા છે. એપલના પ્રમુખ કરાર નિર્માતા ફોક્સકોન, વિસ્ટ્રોન અને પેગાટ્રોન તમિલનાડુ અને કર્ણાટકમાં પોતાનો વિસ્તાર કરી રહ્યા છે. સેમસંગ, ડેલ એ એચપી જેવી વૈશ્વિક દિગ્ગજ કંપનીઓ પણ ભારતમાં પોતાની પૂરવઠા શ્રૃંખલાઓ સ્થાપિત કરી રહી છે.

ભારતની આર્થિક બુનિયાદ તેને ચીનનો વિકલ્પ બનાવે છે. ચીનને બદલે ભારતમાં શ્રમ ખર્ચ ત્રીસથી ચાલીસ ટકા ઓછો છે. સાથે જ ભારતની સરેરાશ યુવા આયુ ૨૮.૪ વર્ષ છે, તો ચીનની ૩૯ વર્ષ છે, જે ઉદ્યોગોના દીર્ઘકાળ માટે જનસંખ્યાકીય લાભાંશ પ્રદાન કરે છે. ભારતે લોજિસ્ટિક્સ અને બુનિયાદી માળખામાં મહત્ત્વપૂર્ણ ઉન્નતિ કરી છે. ગતિશક્તિ, ભારતમાલા અને સાગરમાલા જેવી મુખ્ય પહેલોનો ઉદ્દેશ્ય લોજિસ્ટિક્સ ખર્ચમાં કપાત કરવાનો છે, જે વર્તમાનમાં જીડીપીના લગભગ ૧૩-૧૪ ટકા છે, જેને સાતતી આઠ ટકાના વૈશ્વિક માપદંડની નજીક લાવવાનો છે. સમર્પિત માલ વહન કોરિડોર અને ઔદ્યોગિક વર્તુળોના વિકાસથી તમામ ક્ષેત્રોમાં કનેક્ટિવિટી અને દક્ષતા વધી રહી છે.

અમેરિકા સાથે ભારતની મજબૂત થતી રણનીતિક ભાગીદારી એક પસંદગીની પૂરવઠા શ્રૃંખલા ભાગીદાર રૂપે તેની સાખને વધુ મજબૂત કરે છે. ૨૦૨૩માં શરૂ થયેલ ઈનિશિએટિવ ઓન ક્રિટિકલ એન્ડ ઈર્મજિંગ ટેક્નોલોજી (આઈસીઈટી)એ સેમીકંડક્ટર, એઆઇ અને ક્વોન્ટમ કમ્પ્યૂટિંગમાં સહયોગને ઉત્તેજન આપ્યં છે. ભારતમાં યુદ્ધ જેટ એન્જિન બનાવવા માટે એચએએલની સાથે સોદો અને ગુજરાતમાં માઇક્રોનનું ૮૦ કરોડ ડોલરનું સેમીકંડક્ટર રોકાણ, ભારતના ટેકનિકલ પારિસ્થિતિકી તંત્રમાં અમેરિકી વિશ્વાસનું પ્રતીક છે. ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો ક્વોડ સમૂહ પણ ખનિજો અને ઉન્નત ટેકનિક સાથે જોડાયેલા મહત્તવપૂર્ણ ક્ષેત્રોમાં પૂરવઠા શ્રૃંખલાના લચીલાપણાને મજબૂત કરે છે.

ચીનથી ઓછું જોખમ ઈચ્છતી અમેરિકી કંપનીઓ માટે ભારત રાજકીય વિશ્વસનીયતા અને વાણિજ્યિક સુવિધાનો વાયદો કરે છે. ભારતનો અમેરિકા સાથે દ્વિપક્ષીય વેપાર વધી રહ્યો છે. ૨૦૨૧માં ભારતથી અમેરિકી આયાત ૫૭.૭ અબજ ડોલર હતી, જે ૨૦૨૩માં વધીને ૭૭ અબજ ડોલર થઈ ગઈ. ભારત હવે અમેરિકાના ટોચના દસ વેપાર ભાગીદારોમાં છે. એપલ, ગૂગલ, ટેસ્લા, સિસ્કો અને ઈન્ટેલ જેવી અમેરિકાની દિગ્ગજ કંપનીઓ ભારતની ઈકોસિસ્ટમમાં ખુદને સમાહિત કરી રહી છે.

જોકે હાલની સ્થિતિમાં અમેરિકા સહિત અન્ય દેશોની બહુરાષ્ટ્રીય કંપનીઓને ચીનને બદલે ભારત પોતાની તરફ આકર્ષિત કરી રહ્યું છે, પરંતુ તેના માટે પડકારો પણ ઓછા નથી. તેના માટે સારી કનેક્ટિવિટી, વિદ્યુત સપ્લાય, જમીન અધિગ્રહણ અને પડતર કાનૂની કાર્યવાહી જેવી અડચણોને દૂર કરીને જીએસટીનું સરળીકરણ કરવું પડશે. જોકે રાષ્ટ્રપતિ ટ્રમ્પની નીતિઓને કારણે અમેરિકી ઉદ્યોગ ચીનથી બહાર નીકળવા માગે છે. હાલની પરિસ્થિતિઓ ભારત માટે એશિયાના વૈકલ્પિક વિનિર્માણ કેન્દ્ર રૂપે ઉભરવાનો સમય છે.




## "શસ્ત્ર" ફિલ્મની સ્ટારકાસ્ટ સુરતની મુલાકાતે

# ગુજરાત સ્થાપના દિવસ ૧લી મેના રોજ થશે ફિલ્મ રીલીઝ!

### ફિલ્મનું ટેગલાઈન છે "You will be hacked!"

સુરતઃ ગુજરાતી સિનેમાને નવી દિશા આપતી થ્રિલર ફિલ્મ "શસ્ત્ર" ૧લી મે ૨૦૨૫, એટલે કે ગુજરાત સ્થાપના દિનના પાવન પ્રસંગે રિલીઝ થવાની છે. ફિલ્મનું ટેગલાઈન છે – "You will be hacked!", જે દર્શકોમાં ઊંડું કૌતૂહલ જગાડી રહ્યું છે.

આ ફિલ્મ ડિજિટલ યુગમાં વધતા જઈ રહેલા સાઈબર ક્રાઈમ અને હેકિંગ જેવા ગંભીર અને પ્રાસંગિક વિષયને કેન્દ્રમાં રાખે છે. ટેક્નોલોજી જ્યાં જીવન સરળ બનાવે છે, ત્યાં જ તેનો ખતરાવાળો પાસો પણ વ્યક્ત કરવો જરૂરી છે—અને "શસ્ત્ર" એ જ સંદેશ આપે છે.

ફિલ્મના મુખ્ય કલાકારો ચેતન ધનાણી, પુજા જોષી, હેમિન ત્રિવેદી, શ્રેય મારડીયા અને પ્રિયલ ભટ્ટ દ્વારા તાજેતરમાં જ સુરતની મુલાકાત લેવાઈ હતી.. આ મુલાકાત દરમિયાન ફિલ્મના વિષય વિશે માહિતગાર કરવામાં આવ્યા તેમજ ટેક્નોલોજી અને




"શસ્ત્ર" ફિલ્મ સાઈબર ક્રાઈમ ઉપર બનાવવામાં આવી છે

સાયબર સિક્યુરિટીની અગત્યતા અંગે ચર્ચા પણ કરવામાં આવી. શસ્ત્ર માત્ર એક ફિલ્મ નહી, પણ એ આપણને આજના ડિજિટલ યુગમાં સતર્ક રહેવા માટેનો સંદેશ આપે છે. ફિલ્મના દિગ્દર્શક છે કર્તવ્ય શાહ, લેખન કર્યુ છે ભાર્ગવ ત્રિવેદી અને નિર્માતાઓમાં છે અજય પટેલ, દિત જે પટેલ, અશોક પટેલ અને પિયુષ પટેલ. દિત જે પટેલનું ક્રિએટિવ દિગ્દર્શન ફિલ્મને આગવી ઓળખ આપે છે. સારેગામા ગુજરાતી મ્યુઝિક લેબલ દ્વારા સંગીત આપવામાં આવ્યું છે.

"શસ્ત્ર" એક થ્રિલર છે, એક ચેતવણી છે અને એક નવી દિશા તરફ ગુજરાતી સિનેમાની ઉત્સાહજનક આગળવાઢ છે. ખાસ કરીને યુવા પેઢી માટે આ ફિલ્મ એક મજબૂત સંદેશ લઈને આવી રહી છે. તો તૈયાર રહો – કેમ કે "શસ્ત્ર" તમને હેક કરવા આવી રહી છે—૧લી મે, ૨૦૨૫એ તમારી નજીકના સિનેમાઘરમાં!



# રણબીર કપૂરની રામાયણમાં યશ અને કુણાલ કૂપર વચ્ચે ભીષણ યુદ્ધ જોવા મળશે

### યશ આ અઠવાડિયે રાવણના રોલ માટે શૂટ ચાલુ કરશે

રણબીર કપૂરની રામાયણમાં યશ રાવણના રોલમાં તેમજ સાઈ પલ્લવી સીતાના રોલમાં અને કુણાલ કપૂર પણ મહત્વના રોલમાં છે. આ ફિલ્મ એવી ફિલ્મોમાંની છે, જેની સૌથી વધુ રાહ જોવાઈ રહી છે. હવે એવા અહેવાલો છે કે યશ રાવણના રોલ માટે આ અઠવાડિયાથી મુંબઈમાં શૂટીંગ શરૂ કરશે. નિતેશ તિવારીની આ ફિલ્મમાં હવે કુણાલ કપૂર અને યશ વચ્ચે એક ભીષણ યુદ્ધનો સીન પણ હોવાની ચર્ચા છે.

આ ફિલ્મમાં કુણાલ કપૂર ભગવાન ઈન્દ્રનો રોલ કરવાનો હોવાની ચર્ચા છે. જેને યશ એટલે કે રાવણ સાથે એક સુપર એક્શન સિક્વન્સમાં બતાવાશે. રાવણને શિવજી તરફથી વરદાનમાં અમાપ શક્તિઓ મળે છે, પછી પોતાના તીવ્ર તપથી રાવણ સ્વર્ગ, ધરતી અને પાતાળલોકને પોતાના કાબૂમાં લેવા એક ઝુંબેશ શરૂ કરે છે. જેમાં તેનો ઉદય થતો જાય છે અને તે ત્રણે લોકમાં પોતાનું આધિપત્ય સ્થાપવા માટે દેવોને બહાર ફેંકતો જાય છે. આ પ્રસંગમાં રાવણ અને ઈન્દ્ર વચ્ચે એક ભીષણ યુદ્ધ દર્શાવાશે.

એ એક વૈભવી એક્શન સિક્વન્સ હશે, જેના માટે એક ખાસ વિશાળ સેટ ઉભો કરવામાં આવ્યો છે. તેના માટે હાઈ ટેક્નોલોજી વિઝ્યુઅલ ઈફેક્ટ્સની પણ મદદ લેવાશે. તેના માટે બંને કલાકારો દિલધડક સ્ટંટ કરતા પણ દેખાશે. બંને વચ્ચે એક એવું યુદ્ધ દેખાશે કે જેમાં બંને પાત્રો પુરતા જુસ્સા અને જોમમાં જોવા મળશે, જેમાં બંનેના અભિનયની પણ પરિક્ષા થશે.

આ અગાઉ એક સૂત્રએ જણાવ્યું હતું, ‘‘ટોક્સિકનું મોટા ભાગનું શૂટ પૂરું કર્યા પછી યશ નિતેશ તિવારીની રામાયણ માટે મુંબઈ પહોંચી જશે. ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદીરની મુલાકાત પછી તેણે રામાયણ માટે પોતાનું કામ શરૂ કર્યું છે. યશની આ હંમેશાની આદત છે, તે પોતાની કોઈ પણ નવી ફિલ્મ શરૂ કરતા પહેલાં મહાકાલેશ્વરના દર્શન કરીને પછી જ કામ આગળ વધારે છે.’’

યશે પોતાના એકલાના સીનનું કામ પહેલાંથી જ શરૂ કરી દીધું છે અને તેને સેટ પર ખુબ હુંફ સાથે આવકારવામાં આવ્યો હતો. રામાયણમાં ટેક્નોલોજીના ઉપયોગ અંગે સૂત્રએ જણાવ્યું હતું, ‘‘રામાયણ એક ટેક્નોલોજીની દૃષ્ટિએ ક્યારેય જોવા ન મળી હોય એવી ફિલ્મ હશે. તેથી મેકર્સ પણ યશના પહેલા શીડ્યુલમાં કેટલાક જોરદાર દશ્યો શૂટ કરવાના છે. તે એપ્રિલથી પછી એક મહિના સુધી પોતાના સીનનું શૂટ કરશે અને પછી ફરી ટોક્સિકનું કામ શરૂ કરશે.’’હવે એ વાત પણ જાણીતી છે કે આ ફિલ્મ બે ભાગમાં બની રહી છે, જેનો પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર અને બીજો ભાગ ૨૦૨૭ની દિવાળી પર રિલીઝ થશે.

# અમિતાભ અને દીપિકા પાદૂકોણની ‘પીકુ’ની રી-રિલિઝની જાહેરાત

### દીપિકાએ કહ્યું તે ઇરફાનને મિસ કરશે



દીપિકા પાદુકોણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને કહ્યું છે કે તેની ૨૦૧૫ની ફિલ્મ ‘પીકુ’ ફરી થિએટરમાં રિલીઝ થવાની છે. શનિવારે તેણે પોતાને ઈન્સ્ટાગ્રામ પર આ અંગે એક પોસ્ટ કરી હતી. તેણે એક વીડિયો શેર કર્યો હતો, અમિતાભ બચ્ચન સાથેના આ વીડિયોમાં તેણે ફિલ્મના કેટલાક સીનનો વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં અમિતાભ બચ્ચને કહ્યું હતું, ‘‘નોમોશ્કાર. પીકુ, યાદ છે? પીકુ, ભાસ્કર દા, એ લોકો એક રોડ ટ્રીપ પર ગયા હતા. નથી યાદ? આ જુઓ. એ એક બહુ સરસ ટ્રીપ હતી. બિલકુલ કલ્પના કરી ન હોય એવી કે માનવામાં ન આવે એવી.’’આગળ તેમણે કહ્યું, ‘‘તેમાં લાગણીઓ હતી, હાસ્ય હતું અને ચિંતા પણ હતી. પીકુ ફરી તમારા નજીકના થિએટરમાં રિલીઝ થઈ રહી છે. જોવા જજો, જશો ને?’’ આ ફિલ્મ ૯ મેએ તેની દસમી એનિવર્સરીએ ફરી રિલીઝ થઈ રહી છે.આ વીડિયો શેર કરતાં દીપિકાએ લખ્યું, ‘‘એક એવી ફિલ્મ, જે હંમેશા મારા દિલથી નજીક રહી છે—પીકુ દસમી એનિવર્સરી ઉજવવા ૯ મેએ ફરી થિએટરમાં આવી રહી છે. ઈરફાન, અમે તમને બહુ યાદ કરીશું અને વારંવાર તમારા વિશે વિચાર્યા કરીએ છીએ.’’પીકુ ૨૦૧૫માં આવેલી એક કોમેડી ડ્રામા ફિલ્મ હતી, જેમાં અમિતાભ બચ્ચન અને દીપિકા પાદૂકોણ પિતા-પુત્રીના રોલમાં હતાં. તેમજ ઈરફાન ખાન અને મોશમી ચેટર્જી પણ મહત્વના રોલમાં હતાં. શુજિત સરકારે ડિરેક્ટ કરેલી આ ફિલ્મની બિહાઈન્ડ ધ સીન તસવીરો પણ થોડાં વખત પહેલાં સોશિયલ મીડિયા પર શેર કરી હતી.

# ૪ મરાઠી ફિલ્મની કેન્સ ફેસ્ટિવલ માટે પસંદગી

મહારાષ્ટ્રના કલ્ચરલ અફેર્સ મિનિસ્ટર આશિષ શેલર દ્વારા રવિવારે જાહેરાત કરવામાં આવી છે કે આવતા મહિને ફ્રાન્સમાં યોજાનારા કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ચાર મરાઠી ફિલ્મની પસંદગી થઈ છે. એક પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું કે મહારાષ્ટ્ર ફિલ્મ, થિએટર એન્ડ કલ્ચરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનનાં નિશ્ણતોની એક પૅનલ દ્વારા આ ફિલ્મોની પસંદગી કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું, ‘‘નોંધનીય બાબત છે કે ‘સ્થળ’, ‘સ્નો ફ્લાવર’, ‘ખાલિદ કા શિવાજી’ની પસંદગી થઈ છે, જ્યારે ‘જુના ફર્નિચર’નું સ્પેશિયલ સ્ક્રીનિંગ કરવામાં આવશે. ૨૦૧૬થી ફિલ્મ કોર્પોરેશન કેન્સ ફિલ્મ માર્કેટમાં ફિલ્મ મોકલી રહ્યુ છે, જેથી ફિલ્મને ગ્લોબલ ઓડિયન્સ સાથે જોડી શકાય. ‘સ્થળ’ એ ગ્રામીણ ભારતની એરેન્જ્ડ મેરેજની પરંપરા પરની ફિલ્મ છે. જેમાં પિતૃસત્તા, રંગભેદ અને સામાજિક પૂર્વધારણાઓ જેવા વિષયની વાત કરવામાં આવી છે. ‘સ્નો ફ્લાવર’માં બે અલગ સંસ્કૃતિની વાત છે, જેમાં રશિયા અને કોંકણને ક્રોસ કંટ્રી સ્ટોરી દ્વારા જોડવામાં આવ્યું છે. ગજેન્દ્ર અહિર દ્વારા ડિરેક્ટ થયેલી આ ફિલ્મ સાઈબિરિયા અને કોંકણના વિરોધાભાસોની વાત કરે છે. ‘ખાલિદ કા શિવાજી’માં ખાલિદ નામના છોકરાની વાત છે, જેને તેના ધર્મના કારણે તેના મિત્રો દ્વારા ત્યજી દેવામાં આવે છે. છતાં તેને છત્રપતિ શિવાજી પાસેથી પ્રેરણા મળે છે, તેની વાત કરવામાં આવી છે.






# ભણસાલીની ‘લવ એન્ડ વોર’ના શૂટમાં વિલંબથી ‘ટોક્સિક’ સાથે ટક્કરની શક્યતા

### ભણસાલીની ફિલ્મ બજેટના કારણે ઓફિશિયલી ડિલે થઈ ગઈ

સંજય લીલા ભણસાલીએ ઈન્ડસ્ટ્રીના હાલના સૌથી લોકપ્રિય અને ઉમદા કલાકારોને પોતાની ફિલ્મમાં એકસાથે લેવાની તૈયારી કરી લીધી છે. વિકી કૌશલ, આલિયા ભટ્ટ અને રણબીર કપૂરની આ ફિલ્મ ૨૦૨૬ની ઈદ પર રિલીઝ થવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ હવે એવા અહેવાલો છે કે આ ફિલ્મ ઈદ પર રિલીઝ પણ નહી થાય અને ઉપરથી તેની યશની ‘ટોક્સિક’ સાથે બોક્સ ઓફિસ પર ટક્કર પણ થશે.એક ફિલ્મ ટ્રેડ એક્સપર્ટના જણાવ્યા અનુસાર હવે ‘લવ એન્ડ વૉર’ ઓફિશીયલી વિલંબમાં મુકાઈ છે. પહેલાં આ ફિલ્મ માર્ચ ૨૦૨૬માં રિલીઝ થવાની જાહેરાત કરાઈ હતી. ફિલ્મનું શૂટ તો સમયસર શરૂ થઈ ગયું હતું પણ સંજય લીલા ભણસાલી તરફથી આ ફિલ્મ હવે વિલંબમાં મુકાઈ છે. પહેલાંના આયોજન મુજબ આ ફિલ્મનું શૂટિંગ નવેમ્બર ૨૦૨૫માં પુરું થઈ જવાનું હતું. પરંતુ હવે નવા આયોજન મુજબ સંજય








લીલા ભણસાલી આ ફિલ્મનું શૂટિંગ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં પૂરું કરશે. હવે આ ફિલ્મની નવી રિલીઝ ડેટ મુજબ ૨૦૨૬ના મધ્યમાં ફિલ્મ રિલીઝ થશે.સૂત્રો દ્વારા મળતા અહેવાલો અનુસાર, શીડ્યુલમાં ફેરફાર થવા પાછળ બજેટના પ્રશ્નો છે. ‘‘સંજય લીલા ભણસાલી પોતાના ખર્ચે ફિલ્મ બનાવે છે અને નિશ્ચિત સમય મર્યાદામાં ફિલ્મનું શૂટિંગ પૂરું થઈ જાય તે માટે તેઓ પ્લાન પર ફરી કામ કામ કરી રહ્યા છે.

# યશરાજ ફિલ્મ્સની ‘સૈયારા’થી અનન્યાના ભાઈ અહાન પાંડેનું ડેબ્યુ

યશરાજ ફિલ્મ્સે વધુ એક નવા ચહેરાને લોન્ચ કરવાનો નિર્ણય લીધો છે. ‘આશિકી ૨’ બનાવનારા મોહિત સૂરી એક રોમેન્ટિક ફિલ્મ બનાવવામાં છે, જેમાં અનન્યા પાંડેનો ભાઈ અહાન ડેબ્યુ કરવાનો છે. આ ફિલ્મ ‘સૈયારા’ને આ વર્ષે જુલાઈ મહિનામાં રિલીઝ કરવાની જાહેરાત થઈ છે.



સ્ટાર કિડ હોવા છતાં અનન્યા પાંડેને સફળતા માટે વર્ષો સુધી મહેનત કરવી પડી છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અનન્યાએ પગ જમાવ્યા પછી હવે તેનો ભાઈ અહાન પણ ધમાકેદાર એન્ટ્રી કરવા જઈ રહ્યો છે. ચંકી પાંડેના ભત્રીજા અહાનના ડેબ્યુ અંગે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી હતી. આખરે આ અંગે ઓફિશિયલ એનાઉન્સમેન્ટ થયું છે. ફિલ્મની એનાઉન્સમેન્ટની સાથે યશરાજ ફિલ્મ્સે રિલીઝ ડેટ પણ નક્કી કરી લીધી છે.

અહાન ાંડેની આગામી ફિલ્મનું નામ ‘સૈયારા’ છે. યશરાજ ફિલ્મ્સે ડાયરેક્શનની જવાબદારી મોહિત સૂરીને સોંપી છે. ૨૨ એપ્રિલે એક પોસ્ટ દ્વારા મેકર્સે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અહાન પાંડેને લાવવાની જાહેરાત કરી હતી. અહાનની આ ડેબ્યુ ફિલ્મમાં અનીત પડ્ડા લીડ રોલમાં જોવા મળશે. વેબ સિરીઝ ‘બિગ ગર્લ્સ ડોન્ટ ક્રાય’થી જાણીતી બનેલી અનીત અને અહાનની ઈન્ટેન્સ લવ સ્ટોરી આ ફિલ્મમાં જોવા મળશે. ૧૮ જુલાઈએ આ ફિલ્મને રિલીઝ કરવામાં આવશે.

બોલિવૂડમાં સ્ટાર કિડ્સનું આગમન નવી વાત નથી. નવી પેઢીના સ્ટારકિડ્સમાં ઝુનૈદ ખાન, ખુશી કપૂર, ઈબ્રાહિમ અલી ખાન, સુહાના ખાન, અગત્સ્ય નંદાએ તાજેતરમાં ડેબ્યુ કર્યું છે. તેમની એક્ટિંગને ઓડિયન્સે ખાસ બિરદાવી નથી. જો કે અનન્યાએ પણ શરૂઆતના વર્ષોમાં ટીકાનો સામનો કર્યો હતો. અનન્યાને એક્ટિંગ નહીં આવડતી હોવાનું ઘણા લોકો કહેતા હતા, પરંતુ ‘કેસરી ૨’ સાથે અનન્યાએ ટીકાકારોની બોલતી બંધ કરી દીધી છે. અહાનને પહેલી ફિલ્મથી જ સફળતા મળે છે કે પછી અનન્યાની જેમ લાંબો સમય રાહ જોવી પડે છે તે જોવું રહ્યું.

# કાશ્મીરના પહેલગામમાં હુમલાના વિરોધમાં ખેલાડીઓએ કાળી પટ્ટી પહેરી

હૈદરાબાદ: ઈન્ડિયન પ્રીમિયર લીગમાં બુધવારે સનરાઈઝર્સ હૈદરાબાદ અને મુંબઈ ઈન્ડિયન્સની મેચમાં જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલાના વિરોધમાં ખેલાડીઓએ પોતાની જર્સી પર કાળી પટ્ટી ધારણ કરી હતી. હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં મેચ અગાઉ ખેલાડીઓ તથા મેચ અધિકારીઓ અને કોમેન્ટ્રેટર્સે કાળી પટ્ટી પહેરી હતી તેમજ મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા માટે એક મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. હૈદરાબાદ અને મુંબઈની આઈપીએલ મેચમાં કોઈ ચીયરલીડર્સને બાઉન્ડ્રીની બાજુમાં રાખવામાં આવી નહતી અને આતશબાજી નહીં કરીને શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આઈપીએલની મેચના પ્રારંભે સંગીત સાથે રંગારંગ કાર્યક્રમ પણ યોજાતો હોય છે પરંતુ બુધવારે કાશ્મીરમાં આતંકી હુમલાને વખોડવા સાદગી સાથે મેચનું આયોજન કરાયું હતું. મેચ અગાઉ રાષ્ટ્રગાન બાદ ખેલાડીઓ અને સ્ટેડિયમમાં હાજર પ્રેક્ષકોએ પણ મૌન પાળીને મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી. ભારતીય ક્રિકેટ બોર્ડે આ કાયરતાભર્યા હુમલાને વખોડતા નિવેદનમાં જણાવ્યું હતું કે, પહેલગામમાં અત્યંત નિષ્ઠુર હુમલામાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો તેનાથી સમગ્ર ક્રિકેટજગત આઘાતમાં છે. બીસીસીઆઈના સેક્રેટરી દેવજીત સાઈકિયાએ જણાવ્યું કે, આ દુઃખની પળમાં અમે તમામ મૃતકોના પરિવારજનોની પડખે છીએ અને તેમને સાંત્વના પાઠવીએ છીએ.



## મુંબઈ ઈન્ડિયન્સે સનરાઈઝર્સ હૈદરાબાદને ૭ વિકેટે હરાવ્યું



IPL ૨૦૨૫ની ૪૧મી લીગ મેચ સનરાઈઝર્સ હૈદરાબાદ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી, જેમાં મુંબઈ ઈન્ડિયન્સ ટીમે ૭ વિકેટથી જીત મેળવી હતી. આ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ ટીમના કેપ્ટન હાર્દિક પંડ્યાએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. સનરાઈઝર્સ હૈદરાબાદે ખૂબ જ ખરાબ બેટિંગ પ્રદર્શન કર્યું કારણ કે તેઓ ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને માત્ર ૧૪૩ રન જ બનાવી શક્યા. હૈદરાબાદે પોતાની પહેલી ચાર વિકેટ માત્ર ૧૩ રનમાં ગુમાવી દીધા બાદ, હેનરિક ક્લાસેને એક છેડેથી ૭૧ રનની શાનદાર ઈનિંગ રમીને ઈનિંગ્સને એક સાથે રાખી હતી, જેમાં તેમને અભિનવ મનોહરનો સાથ મળ્યો હતો, જેને ૪૩ રન બનાવ્યા હતા. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી ટ્રેન્ટ બોલ્ટે ૪, દીપક ચહરે ૨ જ્યારે જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યાએ ૧-૧ વિકેટ લીધી. મુંબઈ ઈન્ડિયન્સની ટીમે આ લક્ષ્ય ૧૫.૪ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધું. મુંબઈ તરફથી રોહિત શર્માની શાનદાર બેટિંગ જોવા મળી, જેને ૭૦ રનની ઈનિંગ રમી, જ્યારે આ ઉપરાંત સૂર્યકુમાર યાદવના બેટમાંથી ૪૦ રનની અણનમ ઈનિંગ પણ જોવા મળી. સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી જીશાન અન્સારી, જયદેવ ઉનડકટ અને ઈશાન મલિંગાએ ૧-૧ વિકેટ લીધી હતી.

## ગૌતમ ગંભીરને 'ISIS કાશ્મીર' તરફથી જાનથી મારી નાખવાની ધમકી, હેડ કોચે પોલીસમાં ફરિયાદ નોંધાવી



ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ અને ભાજપના ભૂતપૂર્વ સાંસદ ગૌતમ ગંભીરને 'ISIS કાશ્મીર' તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી છે. આ ધમકી બાદ, ગંભીરે બુધવારે દિલ્હી પોલીસનો સંપર્ક કર્યો અને તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી. રાજેન્દ્ર નગર પોલીસ સ્ટેશનના SHO અને સેન્ટ્રલ દિલ્હીના DCP ના જણાવ્યા અનુસાર, ગંભીરે ઔપચારિક રીતે FIR નોંધવાની વિનંતી કરી હતી.

રિપોર્ટ અનુસાર, ગંભીરને ૨૨ એપ્રિલના રોજ બે ધમકીભર્યા ઈમેલ મળ્યા હતા. એક ઈમેલ બપોરે અને બીજો સાંજે આવ્યો હતો. બંને પર 'આઈ કીલ યુ' મેસેજ લખેલો હતો. આ પહેલી વાર નથી જ્યારે ગંભીરને આવી ધમકીઓનો સામનો કરવો પડ્યો હોય. નવેમ્બર ૨૦૨૧ માં સાંસદ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન પણ આવો જ ઈમેલ મળ્યો હતો.

ગંભીરને જાનથી મારી નાખવાની ધમકી બાબતે દિલ્હી પોલીસે કહ્યું કે, 'અમને એક ઈમેલ વિષે માહિતી મળી છે, જેમાં ગૌતમ ગંભીરને ધમકી આપવામાં આવી છે. અમે આ મામલાની તપાસ કરી રહ્યા છીએ. ગંભીર પહેલાથી જ દિલ્હી પોલીસની સુરક્ષામાં છે. અમે તેમની સુરક્ષા સંબંધિત ચોક્કસ માહિતી જાહેર કરી શકતા નથી.'

## ઓસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટર કિથ સ્ટેકપોલનું નિધન



ઓસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટર અને એક સમયના ઉપસુકાની કિથ સ્ટેકપોલનું બુધવારે ૮૪ વર્ષની વયે નિધન થયું હતું. તેઓ ૮૪ વર્ષના હતા. સ્ટેકપોલ ૧૯૬૬થી ૧૯૭૪ દરમિયાન ઓસ્ટ્રેલિયા માટે ટેસ્ટ ક્રિકેટમાં રમ્યા હતા. ૧૯૭૩માં તેઓ વિઝડન ક્રિકેટર ઓફ ધ યર પણ જાહેર થયા હતા.

સ્ટેકપોલ એ સમયના ક્રિકેટર હતા જ્યારે બેટ્સમેન હજી હેલમેટનો ઉપયોગ કરતા ન હતા. આ સમયગાળા દરમિયાન તેમણે ૪૩ ટેસ્ટ રમીને ૨૮૦૭ રન ફટકાર્યા હતા તો સાથે સાથે તેમની સ્પિન બોલિંગથી ૧૫ વિકેટ ઝડપી હતી.

આ પરાંત સ્ટેકપોલ વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટની સૌ પ્રથમ મેચ (જાન્યુઆરી ૧૯૭૧)માં પણ રમ્યા હતા. વન-ડે ઈતિહાસની પ્રથમ વન-ડે મેલબોર્ન ખાતે ૧૯૭૧ની પાંચમી જાન્યુઆરીએ રમાઈ હતી. જેમાં ઓસ્ટ્રેલિયે ઈંગ્લેન્ડ સામે પાંચ વિકેટે વિજય હાંસલ કર્યો હતો.

કટ્ટર હરીફ ઈંગ્લેન્ડ સામેની વિવિધ એશિઝ સિરીઝમાં તેમણે શાનદાર પ્રદર્શન કર્યું હતું. ઈંગ્લેન્ડ સામે સ્ટેકપોલે ૧૩ ટેસ્ટમાં ૫૦.૬ની સરેરાશથી બેટિંગ કરી હતી અને તેમનો સર્વોચ્ચ સ્કોર ૨૦૭ રનનો રહ્યો હતો. તેઓ મોટા ભાગની કારકિર્દી દરમિયાન બિલ લોરી અને ઈયાન ચેપલની આગેવાની હેઠળ રમ્યા હતા જેમાં ૧૯૭૨ની એશિઝ સિરીઝમાં તેઓ ઓસ્ટ્રેલિયન ટીમના ઉપસુકાની પણ રહી ચૂક્યા હતા.

૧૯૭૪માં નિવૃત્તિ લીધા બાદ સ્ટેકપોલ લાંબા સમય સુધી મીડિયામાં રહ્યા હતા. તેઓ પ્રિન્ટ ઉપરાંત બ્રોડકાસ્ટિંગમાં પણ પ્રદાન આપી ચૂક્યા હતા. ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના ચેરમેન માઈક બર્ડે તેમને અંજલિ અર્પતા જણાવ્યું હતું કે સ્ટેકપોલને હંમેશાં યાદ રખાશે. તેઓ ઓસ્ટ્રેલિયા અને વિક્ટોરીયાના મહાન ક્રિકેટર હતા એટલું જ નહી પરંતુ ટીવી અને રેડીયો કોમેન્ટરીમાં પણ લોકપ્રિય હતા. આ ઉપરાંત તેઓ ઘણા ક્રિકેટરના માર્ગદર્શક પણ રહી ચૂક્યા હતા.

## ભવિષ્યમાં ભારત માટે રમવું છે, હાલમાં દિલ્હીને ટાઇટલ અપાવવું છે: પોરેલ

દેશના અન્ય ક્રિકેટર્સની માફક દિલ્હી કેપિટલ્સનો યુવાન ઓપનર અભિષેક પોરેલ પણ ભવિષ્યમાં ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરવા માગે છે પરંતુ તેની હાલની પ્રાથમિકતા દિલ્હી કેપિટલ્સને વર્તમાન ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ટાઈટલ અપાવવાની છે. અને, સાથે સાથે ટીમની સફળતામાં યોગદાન આપવાનો તેનો લક્ષ્યાંક છે.

લખનૌ સુપર જાયન્ટ્સ સામેની મંગળવારની મેચમાં અભિષેક પોરેલે ૩૬ બોલમાં ૫૧ રન ફટકારીને દિલ્હી કેપિટલ્સને આઠ વિકેટે વિજય અપાવ્યો હતો.

દેખીતી રીતે જ હું મારી હાલની રમતને સારી રીતે માણી રહ્યો છું. હું દરેક ઈનિંગ્સમાં આ રીતે રમવા માગું છું. સાથે સાથે હું મારી રમતને સુધારીને આગળ ધપવા માગું છું. ભવિષ્યની યોજના ભારત માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રમવાની છે પરંતુ મારી હાલની પ્રાથમિકતા આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સની સફળતામાં પ્રમુખ યોગદાન આપવાની છે તેમ બુધવારની મેચ બાદ અભિષેક પોરેલે જણાવ્યું હતું.



તેણે ઉમેર્યું હતું કે હાલમાં તો હું આઈપીએલ ટ્રોફી પર ફોકસ કરી રહ્યો છું. હું દિલ્હી કેપિટલ્સને ટ્રોફી અપાવવામાં અને ટીમને આગળ ધપાવવામાં કેવી રીતે મદદ કરી શકું તે અંગે જ હાલમાં હું વિચારી રહ્યો છું. મારા માટે હાલના તબક્કે આ જ મહત્વની બાબત છે.

મારી રમતને હું સારી રીતે જાણું છું અને સપોર્ટ સ્ટાફ પણ આ બાબત સારી રીતે જાણે છે. ટીમનો સપોર્ટ સ્ટાફ અને કોચ હંમેશાં મને કહે છે કે મારે મુકતપણે રમવું જોઈએ અને કોઈ પણ પ્રકારનું દબાણ રાખવું જોઈએ નહી કેમ પોરેલે જણાવ્યું હતું.બુધવારની મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સે મજબૂત પ્રારંભ કર્યો હતો. માર્કરમે બાવન અને મિચેલ માર્શે ૪૫ રન ફટકારતાં લખનૌએ દસ ઓવરમાં જ ૮૭ રનનો સ્કોર રજૂ કરી દીધો હતો. જોકે દિલ્હીના બોલર્સે ત્યાર બાદ ચુસ્ત બોલિંગ કરીને હરીફ ટીમને ૧૫૯ રન સુધીમાં અટકાવી દીધી હતી. પોરેલનું માનવું છે કે આ ટારગેટ દિલ્હી માટે યોગ્ય રહ્યો હતો.

## રોહિત T-૨૦માં ૧૨,૦૦૦ રન બનાવનાર બીજો ભારતીય ખેલાડી



IPL-૧૮ની ૪૧મી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ (MI)એ સનરાઈઝર્સ હૈદરાબાદ ને ૭ વિકેટથી હરાવ્યું. હૈદરાબાદના રાજીવ ગાંધી સ્ટેડિયમમાં SRHએ ૧૪૩ રન બનાવ્યા. જવાબમાં MIના ઓપનર રોહિત શર્માએ તેની સતત બીજી મેચમાં ફિફ્ટી ફટકારી અને ટીમે ૧૬મી ઓવરમાં માત્ર ૩ વિકેટ ગુમાવીને ટાર્ગેટ હાંસલ કરી લીધું.બુધવારે રસપ્રદ મોમેન્ટ્સ અને રેકોર્ડ જોવા મળ્યા. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના વિરોધમાં ખેલાડીઓ કાળી પટ્ટી પહેરીને મેદાન પર આવ્યા હતા. હેનરિક ક્લાસેને ૧૦૭ મીટર લાંબો છગ્ગો ફટકાર્યો. રોહિત શર્મા ૧૨ હજાર ટી-૨૦ રન બનાવનાર બીજો ભારતીય બન્યો. તેણે મુંબઈ માટે સૌથી વધુ છગ્ગા પણ ફટકાર્યા.

જસપ્રીત બુમરાહે મુંબઈ માટે આઈપીએલમાં સૌથી વધુ વિકેટ લેવાના મામલામાં લસિથ મલિંગાની બરાબરી કરી. તેણે ટી૨૦ ક્રિકેટમાં પોતાની ૩૦૦ વિકેટ પણ પૂર્ણ કરી.હૈદરાબાદ-મુંબઈ મેચમાં બંને ટીમોના કેપ્ટન, ખેલાડીઓ અને અમ્પાયરો કાશ્મીરના પહેલગામમાં જીવ ગુમાવનારા લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે કાળી પટ્ટી પહેરીને મેદાન પર આવ્યા હતા. મંગળવાર, ૨૨ એપ્રિલના રોજ આતંકવાદીઓએ પહેલગામમાં ૨૬ પ્રવાસીઓની હત્યા કરી હતી. શોક વ્યક્ત કરવા માટે મેદાન પર કોઈ ફટાકડા ફોડવામાં આવ્યા ન હતા અને ચીયરલીડર્સની ઉજવણી પણ કરવામાં આવી ન હતી.રાજીવ ગાંધી સ્ટેડિયમ ખાતે મેચ શરૂ થાય તે પહેલાં, બધા ખેલાડીઓ અને દર્શકોએ ૨ મિનિટનું મૌન પાળ્યું. પહેલગામ આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ આપવા માટે આ મૌન પાળવામાં આવ્યું હતું.

## બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટમાં ઝિમ્બાબ્વેનો ત્રણ વિકેટે વિજય

### બાંગ્લાદેશના પ્રથમ દાવના ૧૯૧ રન સામે ઝિમ્બાવેએ ૨૭૩ રન નોંધાવીને ૮૨ રનની સરસાઈ હાંસલ કરી હતી



પ્રવાસી ઝિમ્બાબ્વેએ અહીં રમાયેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં બાંગ્લાદેશ સામે બુધવારે ચોથા દિવસે થોડી રસાકસીને બાદ કરતાં અંતે ત્રણ વિકેટથી વિજય હાંસલ કરી લીધો હતો. આમ તેણે બે ટેસ્ટની સિરીઝમાં ૧-૦ની સરસાઈ હાંસલ કરી હતી.

અહીં રમાયેલી ટેસ્ટમાં બાંગ્લાદેશે બીજી ઈનિંગ્સમાં થોડો પ્રતિકાર કર્યો હતો અને ૨૫૫ રનનો સ્કોર રજૂ કર્યો હતો. અગાઉ બાંગ્લાદેશના પ્રથમ દાવના ૧૯૧ રન સામે ઝિમ્બાબ્વેએ ૨૭૩ રન નોંધાવીને ૮૨ રનની સરસાઈ હાંસલ કરી હતી.

બીજા દાવમાં બાંગ્લાદેશ માટે કેપ્ટન નજમુલ હસન શાન્ટોએ મક્કમ બેટિંગ કરીને ૬૦ રન ફટકાર્યા હતા તો વિકેટકીપર જાકેર અલીએ પણ એવી જ લડાયક બેટિંગ કરીને ૧૧૧ બોલમાં ૫૮ રન ફટકાર્યા હતા. અનુભવી મોમીનુલ હકે પણ મદા બેટિંગ કરીને ૪૭ રનનું યોગદાન આપ્યું હતું. ઝિમ્બાબ્વે માટે મુઝારાબાનીએ ૭૨ રનમાં છ વિકેટ ઝડપી હતી.

બાંગ્લાદેશની લડત છતાં ઝિમ્બાબ્વેને આસાન લક્ષ્યાંક મળ્યો હતો. ઓપનર બ્રાયન બેનેટ અને બેન કરને મળીને ટીમને શાનદાર પ્રારંભ અપાવ્યો હતો. બંનેએ પહેલી વિકેટ માટે ૨૧ ઓવરમાં જ ૯૫ રન ઉમેરીને ટીમની કામગીરી આસાન કરી નાખી હતી. બેનેટે ૮૧ બોલમાં સાત ચોગ્ગા અને એક સિક્સર સાથે ૫૪ રન ફટકાર્યા હતા તો બેન કરને પણ એવી જ શાનદાર બેટિંગ કરીને ૭૫ બોલમાં ૪૪ રન ફટકાર્યા હતા. ત્યાર બાદ પ્રવાસી ટીમે ઉપરા ઉપરી વિકેટ ગુમાવી દેતાં એક સમયે બાંગ્લાદેશ વળતી લડત આપીને પ્રહાર કરશે તેવી અટકળો શરૂ થઈ ગઈ હતી પરંતુ વેસલી મેડવેરેએ એક છેડો સાચવીને ટીમને અંતિમ લક્ષ્યાંક સુધી પહોંચાડી હતી. તેણે ૫૫ બોલ રમીને અણનમ ૧૯ રન ફટકાર્યા હતા.

બાંગ્લાદેશ માટે મહેદી હસન મિરાઝે વેધક બોલિંગ કરી હતી અને તેને કારણે જ ગૃહટીમ લડત આપી શકી હતી. મહેદી હસને ૫૦ રનમાં પાંચ વિકેટ લીધી હતી. ઈનિંગ્સની ૫૦ ઓવરમાંથી મહેદી હસને ૨૨ ઓવર બોલિંગ કરી હતી. તેણે મેચમાં ૧૦૨ રન આપીને દસ વિકેટ ઝડપી હતી.

બાંગ્લાદેશ અને ઝિમ્બાબ્વે વચ્ચેની બે ટેસ્ટની સિરીઝની બીજી ટેસ્ટ હવે ૨૮મી એપ્રિલથી ચિત્તાગોંગ ખાતે રમાશે.

સંક્ષિપ્ત સ્કોર: બાંગ્લાદેશ ૧૯૧ અને ૨૫૫. ઝિમ્બાબ્વે: ૨૭૩ અને ૭/૧૭૪.

## નવરંગ સ્કેટીંગ રિંક ખાતે બહેનોની રાજ્યકક્ષાની રોલબોલ સ્પર્ધાનું સફળ આયોજન



ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત અમદાવાદના નારણપુરામાં આવેલી નવરંગ સ્કેટિંગ રિંક ખાતે બહેનોની રાજ્યકક્ષાની રોલબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અંડર-૧૪ અને અંડર-૧૭ વયજૂથમાં બહેનોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના પરિણામોમાં અંડર-૧૪ બહેનોમાં પ્રથમ ક્રમે રેડિયન સ્કૂલ સુરત, બીજા ક્રમે રાયન સ્કૂલ સુરત અને ત્રીજા ક્રમે ગજેરા સ્કૂલ (અંગ્રેજી માધ્યમ), સુરતની ટીમો વિજેતા રહી હતી. આ જ રીતે અંડર-૧૭ બહેનોની સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમે સુરતની ગજેરા સ્કૂલ (અંગ્રેજી માધ્યમ), બીજા ક્રમે ભરૂચની વિઝન સ્કૂલ અને ત્રીજા સ્થાને સુરતની ગજેરા સ્કૂલ (ગુજરાતી માધ્યમ)ની ટીમો વિજેતા થઈ હતી. સ્પર્ધાના વિજેતા થયેલા ખેલાડીઓને રાજ્ય સરકાર દ્વારા મેડલ અને ટ્રેક શુટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની સ્વાયત્ત સંસ્થા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા હાલમાં ખેલ મહાકુંભ ૩.૦ યોજાઈ રહ્યો છે.

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
ગુરૂવાર, તા.૨૪ એપ્રિલ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

# સ્વ. શૈલેષ કળથિયાની અંતિમયાત્રામાં જનમેદની ઉમટી



## અંતિમ યાત્રામાં કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિત રાજકીય નેતાઓ, અગ્રણીઓ જોડાયા : અબ્રામા સ્મશાન ભૂમિ ખાતે સ્વ.શૈલેષ કળથીયાના પાર્થિકદેહનો ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ સંસ્કાર



**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૪**

કાશ્મીરના પહલગામ નજીક આવેલા મીની સ્વીઝરલેન્ડ ગણાતા બૈસરના વેલીમાં બે દિવસ પહેલા થયેલા આતંકવાદી હુમલામાં મુળ સુરતના શૈલેષભાઈ કળથીયા પણ મોતને ભેટ્યા હતા. તેમના મૃતદેહને હવાઈ માર્ગે સુરત લવાયા બાદ આજે સવારે તેમના મોટા વરાછા કસ્તુરી બંગ્લોઝ ખાતેના નિવાસ્થાનેથી અંતિમ યાત્રા નિકળી હતી. આ અંતિમ યાત્રા કઠોર-અબ્રામા ખાતેના સ્મશાન ગૃહ ખાતે પહોંચી હતી જ્યાં શૈલેષ કળથીયાની અંતિમ ક્રીયા કરવામાં આવી હતી. મૃતક શૈલેષ કળથીયાની અંતિમ યાત્રામાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ, ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી, સાંસદ સભ્ય મુકેશ દલાલ, મેયર દક્ષેશ માવાણી સહિત રાજકીય અગ્રણીઓ, સામાજીક અગ્રણીઓ, વેપારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. શૈલેષના પત્ની બાળકો સહિતનો પરિવાર અને સ્થાનિક રહીશોની આંખો ભીની થઈ ગઈ હતી. શૈલેષ કળથીયાના અબ્રામા ખાતેના સ્મશાન ગૃહ ખાતે ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું.

કાશ્મીર ખાતે થયેલા આતંકવાદી હુમલામાં મોતને ભેટેલા મુળ સૌરાષ્ટ્રના વતની અને સુરતમાં રહેતા શૈલેષ કળથીયાના મોતના સમાચારે પરિવારના પગ તળેથી જમીન ખસાવી દીધી હતી ત્યારે શૈલેષભાઈના પરિવારને સાંત્વના આપવા માટે આજે તેમની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં નેતાઓ જોડાયા હતા. શૈલેષ કળથીયાના મોટા વરાછા ખાતે આવેલા કસ્તુરી બંગ્લો ખાતેથી નિકળી હતી. અંતિમ યાત્રામાં વિશ્વ હિન્દુ પરિષદના દ.ગુજરાત પ્રાંત અધ્યક્ષ સી.પી.વાનાણી, રાષ્ટ્રીય કોષાધ્યક્ષ દિનેશ આર.નાવડીયા સહિત મોટી સંખ્યામાં વિહીપના કાર્યકરો પણ હાજર રહ્યા હતા.



દિનેશ નાવડીયાએ જણાવ્યું હતું કે, કાશ્મીરમાં ધર્મ પુછીને નરસંહાર આચરનારાએ નરાધમો હિન્દુ સંસ્કૃતિને ખુલ્લો પડકાર ફેંકી રહ્યા છે. નિર્દોષ વ્યક્તિઓ ઉપર ગોળીઓ વરસાવી પોતાને બહાદુર સમાજનારાઓ હિંદુઓના આત્મા પર પ્રહાર કરી રહ્યા છે. સુરતથી પહેલગામ ગયેલા શૈલેષભાઈ કળથીયા આ અમાનુષી અત્યાચારનો ભોગ બન્યા છે. ત્યારે સર્વ હિન્દુઓ પોતાનું પોતાનું ઐક્ય બતાવીને ભોગબનનારના પરિવારને દિલાસો આપે તે માત્ર નૈતિક ફરજ નહીં આત્મસમ્માન છે. રાષ્ટ્ર સમ્માન છે. આંતકીઓ અને તેમના આકાઓનો સામનો કરવા હિન્દુઓની એક્તા સમયની માંગ છે.

# આતંકીઓએ કહ્યું 'હિન્દુ-મુસ્લિમ અલગ થાવ' પછી ફાયરિંગ કરાયું

## હુમલામાં માર્યા ગયેલા શૈલેષભાઈનો પુત્ર નક્ષએ હૃદય દ્રાવક ઘટના વર્ણાવી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૪**

કાશ્મીરના આતંકવાદી હુમલામાં મોતને ભેટેલા શૈલેષ કળથીયાના પુત્ર નક્ષે મિડીયા સમક્ષ એક નિવેદનમાં આપ વિતી જણાવ્યું હતું કે, અમે લોકો નાસ્તો કરી રહ્યા હતા ત્યારે આતંકવાદી ત્યાં આવી પહોંચ્યા હતા અને હિન્દુ અને મુસલમાન અલગ થઈ જાવ તેમ જણાવ્યું હતું. ત્યારબાદ માતા પિતા પર ગોળીઓ ચલાવી હતી.



આજે સવારે શૈલેષ કળથીયાની અંતિમ યાત્રા નિકળી તે પહેલા તેમના પરિવારને સાંત્વના આપવા મોટી સંખ્યામાં લોકો પહોંચી ગયા હતા. આ સમયે પિતાની વિદાયનું દુઃખ અને પોતાના માથેથી પિતાનો હાથ નહીં હોવાની વેદના જોઈ રહેલા પુત્ર નક્ષે પત્રકારોને જણાવ્યું હતું કે, પહેલગામમાં તેઓ ખુલી હવામાં ફરી રહ્યા હતા જ્યારે બનાવ બન્યો તે સમયે નક્ષ પિતા શૈલષભાઈ સાથે નાસ્તો કરી રહ્યો હતો અને ગોળીઓનો અવાજ આવવાનું શરૂ થઈ ગયું હતું. એક આતંકવાદી ઘાતક હથિયાર સાથે શૈલેષભાઈ પાસે પહોંચી ગયો હતો અને ટુરીસ્ટોને કહ્યું હતું કે હિન્દુ અને મુસ્લિમ અલગ થઈ જાવ ત્યારબાદ ગોળીઓ વરસાવી હતી પુત્ર નક્ષની સામે જ પિતા ઉપર આતંકવાદીએ ગોળીઓ ધરોબી દીધી હતી.



**જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં સહેલાણીઓ પર કરાયેલા હિચકારા આતંકવાદી હુમલામાં ગુજરાતના ત્રણ લોકો પણ શહીદ થઈ ગયા છે તેમાં સુરતના શૈલેષભાઈ કળથિયાનો પણ સમાવેશ થાય છે. ગઈકાલે રાત્રે કાશ્મીરથી વિશેષ વિમાનમાં સ્વ. શૈલેષભાઈ કળથિયાનો મૃતદેહ સુરત લવાયો હતો અને આજે સવારે સદ્‌ગતના પાર્થિવ દેહની અંતિમ યાત્રા મોટા વરાછાના કસ્તુરી બંગલા ખાતેથી નીકળી હતી. આતંકી હુમલામાં શહીદ થયેલા શૈલેષભાઈ કળથિયાના પાર્થિવ દેહને કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, મેયર દક્ષેશ માવાણી, સાંસદ મુકેશભાઈ દલાલ વગેરે રાજકીય તથા સામાજિક અગ્રણીઓએ શ્રદ્ધાંજલિ પાઠવી હતી. અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.**

**(તસવીર : હનીફ મલેક)**

# શિક્ષણ સમિતિનાં એક શિક્ષકે સરકારી પ્રાથમિક શાળામાં લેવાતી પરીક્ષાની પોલ ખોલી નાંખી

## સરકારી પ્રાથમિક શાળાઓની પરીક્ષા દરમિયાન શિક્ષકો,ખંડ નિરીક્ષકો ચોરી કરાવે છે : સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ગરીબ શ્રમજીવી, દલિત, લઘુમતી સમાજમાંથી આવતા વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણ સામે ગંભીર પ્રશ્ન

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૪**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષકોના whatsapp ગ્રુપમાં લખાયેલા એક લખાણથી ખળભળાટ વ્યાપી ગયો છે.રૂપિયા ૧૦૦૦ કરોડનુ વાર્ષિક બજેટ ધરાવતી શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાની વર્ષે દરમિયાન લેવાયતી પરીક્ષાઓ એક ફારસ રૂપ બની ગઈ હોવાનો ચોકાવનારો આક્ષેપ કરવામાં આવ્યો છે. શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળામાં દોઢ લાખથી વધુ ગરીબ, શ્રમજીવી, દલિત, લઘુમતી સમાજમાંથી આવતા

વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવે છે, કેમ કે આ ગરીબ વિદ્યાર્થીઓને ખાનગી શાળાની ફી પોસાય તેમ ન હોય આવા બાળકો શિક્ષણથી વંચિત રહી નહી જાય એટલા માટે ગુજરાત સરકાર દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરીને ગરીબ શ્રમજીવી દલિત લઘુમતીના વિદ્યાર્થીઓને સારું શિક્ષણ આપવાના એક શનિષ્ઠ પ્રયાસને શિક્ષકો જ કલંકિત કરી રહ્યાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. whatsapp ગ્રુપમાં જાગૃત નાગરિક તરીકે એક શિક્ષકે રજૂ કરેલી વાત શિક્ષણ સમિતિમાં લેવાતી પરીક્ષાના ધજીયા ઉડાવી દીધા છે.

અભિવ્યક્તિ વિકાસ મણકોઃ ૪ થી શિક્ષકોના ગ્રુપમાં મુકાયેલી પરીક્ષામાં થતી ચોરી સંદર્ભેની એક જાગૃત નાગરિક તરીકે શિક્ષકે રજૂ કરેલી વાત અહીં અક્ષરતઃ રજૂ કરીએ છીએ

'સરકારી પ્રાથ.શાળામાં પરીક્ષા અને ચોરી પ્રમાણ ઘટવું જોઈએ બંને દૂર થવી જોઈએ. પ્રાથમિક શાળામાં સત્રાંત/વાર્ષિક પરીક્ષા દરમિયાન કેટલીક શાળાઓમાં ચોરી અંગેની ફરિયાદો હોય છે પરીક્ષામાં નૈતિક સ્તરનો ઘટાડો પણ જોવા મળે છે. ચોરી એક સમસ્યા છે, જેને દૂર કરવા અંગે નીચેની અરજ કરી શકાય'

પ્રતિ,
માનનીય શિક્ષણ સચિવ
શિક્ષણ વિભાગ,
ગુજરાત સરકાર, ગાંધીનગર.
વિષયઃ સરકારી પ્રાથમિક શાળાઓમાં વાર્ષિક પરીક્ષા દરમિયાન ચોરીના દૂષણને રોકવા બાબત.
માનનીય સાહેબશ્રી,

અમુક જગ્યાએ સરકારી પ્રાથમિક શાળાઓમાં વાર્ષિક પરીક્ષા દરમિયાન ચોરીનું દૂષણ વ્યાપકપણે જોવા મળે છે જેમાં વિદ્યાર્થીઓ ઉપરાંત શિક્ષકો ,ખંડ નિરીક્ષકો પણ સામેલ હોય છે. આવી ગેરરીતિઓથી શિક્ષણની ગુણવત્તા અનેવિદ્યાર્થીઓના નૈતિક મૂલ્યોને ગંભીર નુકસાન થાય છેવઆના મુખ્ય નુકસાનો નીચે મુજબ છેઃ શિક્ષણની ગુણવત્તામાં,ઘટાડોઃ ચોરીને કારણે વિદ્યાર્થીઓનું વાસ્તવિક જ્ઞાન અને કૌશલ્ય મૂલવાતું નથી,જેનાથી શિક્ષણનો હેતુ નિષ્ફળ જાય છે.નૈતિક મૂલ્યોનું હાસઃ વિદ્યાર્થીઓમાં પ્રામાણિકતાઅને મહેનતનું મૂલ્ય ઘટે છે,જે ભવિષ્યમાં તેમના વ્યક્તિત્વને અસર કરે છે. અસમાનતાઃ પ્રામાણિક વિદ્યાર્થીઓને નુકસાન થાય છે, કારણ કે ચોરી કરનારા વિદ્યાર્થીઓ અયોગ્ય રીતે ઊંચા ગુણ મેળવે છે.

સમાજ પર અસરઃઆવા વિદ્યાર્થીઓ ભવિષ્યમાં




નૈતિક અને જવાબદાર નાગરિક બનવામાં નિષ્ફળ જઈ શકે છે આ દૂષણને રોકવા માટે શિક્ષણ વિભાગને નીચેનાપગલાં લેવાની વિનંતી છેઃ કડક નિરીક્ષણ વ્યવસ્થાઃ પરીક્ષા કેન્દ્રો પરબાહ્ય નિરીક્ષકોની નિમણૂક CCTV કેમેરાનો ઉપયોગફરજિયાત કરવો. શિક્ષકો માટે તાલીમઃશિક્ષકોને નૈતિક શિક્ષણ અને પરીક્ષાની પવિત્રતા વિશે તાલીમ આપવી. કડક શિક્ષાત્મક પગલાંઃ ચોરીમાં સામેલ વિદ્યાર્થીઓ શિક્ષકો સામે કડક કાર્યવાહી, જેમ કે સસ્પેન્શન અથવા પરીક્ષામાંથી હકાલપટ્ટી જાગૃતિ અભિયાનઃવિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં પ્રામાણિકતા અને મહેનતનું મહત્વ સમજાવતા જાગૃતિ કાર્યક્રમો યોજવા. પરીક્ષા પદ્ધતિમાં સુધારોઃ ઓછી નકલની શક્યતા ધરાવતી પરીક્ષા પદ્ધતિ, જેમ કે ઓપન-બુક પરીક્ષા અથવા વ્યવહારિક મૂલ્યાંકન,અમલમાં મૂકવી આ બાબત અસરકારક પગલાં લઈને શિક્ષણની ગુણવત્તા અને પવિત્રતા જાળવવા વિનંતી છે. આપના સહકારની આશા સાથે, લી જાગ્રત શિક્ષક નૈતિક રાષ્ટ્રના નિર્માણમાં આ પ્રકારના ગંભીર લેખ સાથેનું લખાણ શિક્ષણ સમિતિના શિક્ષકોના વોટ્સએપ ગ્રુપમાં મુકાતા શિક્ષકોમાં ખળભળાટ મચી ગયો છે ને વ્યાપક ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

# ખોટી રીતે વીમા ક્લેઈમ કરવા માટે હોસ્પિટલના કેસ પેપર સાથે ચેડાં

## પી.પી.સવાણી હોસ્પિટલના કેસ પેપરનો દુરૂપયોગ કરનાર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૪**

કાપોદ્રા ખાતે આવેલી પીપી સવાણી હોસ્પિટલમાં છાતીમાં દુખાવો, ઉબકા અને ગભરામણ જેવી તકલીફ હોવાનું કારણ જણાવી હાર્ટ એટેક જેવા લક્ષણો સંબંધીત પ્રાથમિક સારવાર કરાવીને ૬ લોકોએ વીમા કંપનીમાં ખોટી રીતે વીમો ક્લેઈમ કરવા માટે હોસ્પિટલના કેસ પેપરો સાથે છેકછાક કરી હોવાની ફરીયાદ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

મુળ અમરેલી જિલ્લાના વતની અને હાલ સરથાણા શ્યામધામ મંદિર પાસે અવધ રેસીડેન્સીમાં રહેતા અનીલકુમાર તંતી ઉ.વ.૫૧ કાપોદ્રાની પીપી સવાણી હોસ્પિટલમાં એડમીનીસ્ટેટર વિભાગમાં કામ કરે છે. તેમણે ગઈકાલે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં કેતન બાબુભાઈ ઢોલરીયા, જયાબેન ચોડવડીયા, ભંડેરી બીપીન દેવરાજભાઈ, સુહાગીયા કમલેશ લાલજીભાઈ તેમજ ધડુક સતીષ મધુભાઈ અને વઘાસીયા પ્રતિક અરવિંદભાઈ વિરૂધ્ધ ફરયાદ નોંધાવી છે.

ફરીયાદમાં જણાવ્યા અનુસાર ઉપરોક્ત તમામે પીપી સવાણી હોસ્પિટલમાં ૨૦૨૪થી અત્યાર સુધીમાં હાર્ટએટેકમાં હોય તેવા લક્ષણો જણાવી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર લીધી હતી ત્યારબાદ પોતે અથવા કોઈ એજન્ટ કે ત્રાહિત વ્યક્તિ મારફતે વીમો ક્લેઈમ કરવા માટે હોસ્પિટલના ડોક્યુમેન્ટનો દુર ઉપયોગ કરી સહિં સીક્કાઓ અને ડોક્ટરોની ખોટી સહીઓ કરી વીમા કંપનીમાં સારવારના કાગળો રજુ કર્યા હતા.

# પલસાણા પોલીસે વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી પાડી

## કારમાંથી દારૂની ૫૨૮ બોટલો મળતા બેની ધરપકડ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૪**

પલસાણા પોલીસે બાતમીના આધારે સોયાણી ગામની સીમમાં આવેલ સોયાણી ગામ ના પાટીયા પાસે બારડોલી થી કડોદરા જતા રોડ ઉપરથી વિદેશી દારૂ ભરેલી કાર સાથે બે ઈસમોની ધરપકડ કરી હતી પોલીસે ૭૭ હજાર ની કિંમતના ૫૨૮ દારૂની બાટલીઓ સહિત ૫.૭૮ લાખનો મુદ્દા માલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી પ્રાપ્ત વિગત અનુસાર પલસાના પોલીસ સ્ટાફ ના માણસો ગઈકાલે પોલીસ પેટ્રોલિંગ માં હતા ત્યારે તેમણે ખાનગી રહે સંયુક્ત બાતમી મળી હતી કે એક બારડોલી તરફ થી એક સફેદ કલરની મારુતિ કંપનીની અરટીકા ફોરવીલ જેનો નંબર એમએચ ૧૫ કે સી ૪૯૪૩નો ચાલક વિદેશી દારૂનો જથ્થો ભરી આવનાર છે જે બાતમી ના આધારે પોલીસે મોજે સોયાણી ગામની સીમમાં આવેલ સોયાની ગામના પાટીયા પાસે બારડોલી થી કરોડરા જતા રોડ ઉપર નાકાબંધી કરી હતી ત્યારે વર્ણન વાલી કાર આવતા જેને લાકડીના ઈશારે અટકાવી હતી કારમાં તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂનો જથ્થો

અનુસંધાન પાના ૭ પર

# સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં સતત તાપમાનમાં વધારો

## સુરતમાં સવારે ૩૦ ડિગ્રી ઊંચુ તાપમાન

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૪**

શહેરમાં મહત્તમ તાપમાન વિતેલા ત્રણ દિવસથી ઉંચે જઈ રહ્યું છે. હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે આ અઠવાડીયા દરમિયાન તાપમાનનો પારો વધશે અને કાળઝાલ ગરમીનો સામનો કરવો પડશે ત્યારે હજી ત્રણ ચાર દિવસ સુધી તાપમાન ઉંચુ રહેવાની શક્યતા છે. બે દિવસથી શહેરનું મહત્તમ તાપામાન ૪૦.૮ સેલ્સિયસ ડિગ્રી નોંધાઈ રહ્યું છે રાત્રિનાં સમયે પણ મહત્તમ તાપમાનમાં જાજો ઘટાડો થતો ન હોય બફારાને કારણે રાત્રિના ૧૦ વાગ્યા સુધી વેધર અપડેટ મુજબ તાપમાન ૩૦ સેલ્સિયસ ડિગ્રી બતાવી રહ્યું હતું.

હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર આજે સવારે શહેરનું લઘુત્તમ તાપમાન ૨૬.૪ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૦.૮ સેલ્યિસ ડિગ્રી યથાવત રહ્યું હતું. તાપમાન ૪૦ ડિગ્રી ઉપર પહોંચતા લોકો અકળાઈ ઉઠ્યા હતા. ખાસ કરીને બપોરે ૨ વાગ્યાથી ૪ વાગ્યા દરમિયાન ઘરની બહાર નિકળવું કપરુ થઈ ગયું હતું. હજી ચાર દિવસ સુધી આજ સ્થિતિનો શહેરીજનોએ સામનો કરવો પડશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે એપ્રિલ

અનુસંધાન પાના ૭ પર

# વરાછા રોડ પર ઈમારતના ચોથા માળની ઓફીસમાં આગ લાગી

## ડેટા એન્ટ્રીની ઓફિસના કોમ્પ્યુટરો સળગી ગયા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૪**

વરાછા ગીતાંજલી રોડ મણી એક્સપોર્ટ ના ચોથા માળ પર આજે સવારે આગ લાગી હોવાનો બનાવ ાયર બ્રિગેડ ના ચોપડે નોંધાયો હતો. આગનો કોલ મળતા ની સાથે જ ત્રણ ફાયર સ્ટેશનના ફાયર જવાનો અને ફાયર ઓફિસરો ઘટના સ્થળે દોડી ગયા હતા.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, વરાછા રોડ ગીતાંજલી મણીભદ્ર પ્લોટ નંબર ૧૪ ૧૫ ના ચોથા માળ પર આજે સવારે ૭:૦૦ વાગ્યાના અરસામાં આગ લાગી હતી. અલ્પેશભાઈ સોજીત્રા કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી નીઓફિસના માલિક છે અને જેમના મેનેજર પરેશભાઈ સોજીત્રા છે. કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ની ઓફિસ છે. આ ઓફિસમાં રાખવામાં આવેલ કોમ્પ્યુટરમાં કોઈક કારણોસર આગ લાગી હતી. આગના બનાવની જાણ ફાયર બ્રિગેડ કન્ટ્રોલ રૂમને કરવામાં આવતા કાપોદ્રા, ઘાંચી શેરી અને કતારગામ ના ફાયર ઓફિસર અને ફાયર જવાનોને ઘટના સ્થળે ફાઈટર અને ટેન્કર સાથે રવાના કરવામાં આવ્યા હતા. જ્યાં તેઓએ પાણીનો માળો ચલાવીને કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ની

અનુસંધાન પાના ૭ પર

# તા.30મી એપ્રિલે મનપાની સામાન્ય સભા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૪**

સુરત મહાનગરપાલિકાની માસિક સામાન્ય સભા ૩૦ એપ્રિલના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલ ખંડમાં મળશે એવું સુરત મહાનગરપાલિકાના મેયર દક્ષેશ માવાણી અને ઈન્ચાર્જ સેક્રેટરી નીતિન ભાઈ સોનજે એ જણાવ્યું હતું. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, નિયમ મુજબ દર મહિનાના અંતમાં માસિક સામાન્ય સભા બોલાવવાની હોય છે. આ મહિનાની સામાન્ય સભા ૩૦ એપ્રિલ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે મળશે. એજન્ડા ઉપર કુલ ૫૧ કામો હાથ પર લેવાયા છે. જેમાં સ્ટેન્ડિંગના ૧૩ કામો, જાહેર બાંધકામના ૨૯, પાણી સમિતિ નું એક કામ , ગટર સમિતિના ત્રણ કામો અને ચાર રજાના કામો નો સમાવેશ થાય છે. કોર્પોરેટરો દ્વારા કુલ ૧૪ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.